**બી.એ. હોમસાયન્સ - ૨૦૧૮-૧૯**

**વિષય : રિસોર્સ મેનેજમેન્ટ** - II - CC - 7

**સેમેસ્ટર - ૨**

**પ્રા. શોભનાબેન પી. વાળા**

---

**બજેટ (અંદાજપત્રક)ના પાયાના તબક્કાઓ (પગલા) : (Basic steps as budget) :**

**(A) આયોજન : Planning :**

અંદાજપત્ર પૈસાનો યોગ્ય ખર્ચો કરવાનું એક સાધન છે તે ભવિષ્યના ખર્ચાનું આયોજન છે.તેની સફળતાનો આધાર તેની વાસ્તવિકતા ફેરફાર કરવાની શક્તિ અને મૂલ્યાંકન કરવાની ગુણવતા પર હોય છે. જે પ્રમાણે જરૂરિયાત ઊભી થાય તે પ્રમાણે, સંજોગો અનુસાર આયોજનમાં ફેરફાર લાવાવા જરૂરી છે. આપણને જે વધું મહત્વનું લાગે તે પહેલું કરવું અને તે પ્રમાણે આયોજનમાં ફેરફાર કરવાં.

– અંદાજપત્રક બનાવવા માટે પાંચ પગથિયાં ખૂબ જ મહત્વના હોય છે.

૧. જે સમય દરમ્યાનનું અંદાજપત્રક બનાવવામાં આવ્યું હોય તે સમય દરમ્યાન કુટુંબના સભ્યોને જરૂરી અને ઈચ્છિત વસ્તુઓ અને સેવાઓની યાદી બનાવવી .

૨. ઈચ્છિત વસ્તુઓની કિંમત આંકવી દરેક ખર્ચના વર્ગીકરણનો સરવાળો કરવો અને પછી આખા અંદાજપત્રક્નો સરવાળો કરવો.

૩. કુલ આવકનો અંદાજ કાઢીને સરવાળો કરવો.

૪. જેટલી આવકની આશા હોય અને જેટલા ખર્ચનો અંદાજ હોય બન્ને ને સમતોલિત રાખવા.

૫. બનાવેલા આયોજનની યોગ્ય સફળતા માટેની ચકાસણી કરવી.

**૧. જરૂરી અને ઇચ્છિત વસ્તુઓ અને સેવાઓની યાદી બનાવવી :(Listing needed and desired goods and services) :**

કુટુંબના ખર્ચનું વર્ગીકરણ કરવું દરેક વર્ગીકરણમાં કુટુંબના સભ્યોની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને યાદી બનાવવી. આ જરૂરીયાતો બે પ્રકારની હોય છે. રોજના જીવનની અને આકસ્મિક જરૂરીયાતો. આ બધા માટે પૂરતા પૈસા છે કે નહિ એની બરાબર તપાસણી કરવી ખર્ચના જરૂરી મથાળા યાદ રાખવા જેવાં કે.

૧ ખોરાક – ઘરે ખાવાનો, ઘરની બહાર અને તૈયાર ખોરાક.

૨. રહેઠાણ – ઘરનું ભાડું, બળતણ, કામ કરાવનાર નોકર વગેરે.

૩. વાહનવ્યવહાર – પોતાનું વાહન હોય તો પેટ્રોલ ખર્ચ તેને યોગ્ય પરિસ્થિતિમાં રાખવાનો ખર્ચ, સામાજીક વાહનવ્યવહારનાં સાધનોનો ઉપયોગનો ખર્ચ દા.ત. બસ, રીક્ષા, ટ્રેન વગેરે.

૫. કપડાં – નવાં કપડા ખરીદવાનો ખર્ચ, ધોબી, દરજી વગેરેનો ખર્ચ.

૬. દવા – દારૂ – ડોક્ટરની ફી, દવાઓનો ખર્ચ વગેરે.

૭. કુટુંબના સભ્યોની ખીસ્સા ખર્ચીનો ખર્ચ

૯. કરવેરા

૧૦. બચત

જયારે યાદી બનાવવાની હોય ત્યારે કઈ વસ્તું જરૂરી છે અને કઈ ઇચ્છિત છે, એ બે જુદા – જુદા વિભાગમાં વહેચવી .દરેક ઇચ્છિત અને જરૂરી વસ્તુઓને ઉતરતા ક્રમમાં ગોઠવવી (વધારે જરૂરી વસ્તુને પહેલા નંબરે મૂકવી) કેટલીક વસ્તુઓની યાદી જુદી બનાવવી જે સારી છે, પણ બહું જરૂરી નથી. આમ કરવાથી ખરીદી કરતી વખતે નિર્ણય લેવામાં સગવડતા પડે છે કે કઈ વસ્તુ ક્યારે ખરીદવી.

**૨. કિંમતની યોગ્ય આંકણી કરવી : (Costs accurately estimated ) :**

અંદાજપત્રક બનાવવાનું આ બીજું પગથિયું છે. વસ્તુઓની બરાબર કિંમત આંકવી દરેક વર્ગીકરણનો સરવાળો કર્યા પછી કુલ અર્ચનો સરવાળો કરવો. અગર કુટુંબ માટે અંદાજપત્રક બનાવવાનો પહેલો અનુભવ હોય તો તે આ આયોજનમાં ઘણાં બધા સુધારા – વધારા કરવાની જરૂર પડે છે. અખતરા માટે અઠવાડિયાનો હિસાબ રાખીને ખર્ચની માહિતી મેળવી શકાય. બજારની વસ્તુઓના ભાવ જાણીને અર્ચનો અડસરો લગાવી શકાય છે. ભાવની જાણકારી માટે વ્યક્તિઓ જાતે જઈને મારકેટ સર્વે કરવો જોઈએ. જેથી વસ્તુની ગુણવતા અને કિંમત જાણી શકાય.

**૩. ભવિષ્યની આવકનો અંદાજ કાઢવો : (Estimating the income):**

કુલ આવકનો અંદાજ ગણવો, આવકનો ચોખ્ખો અંદાજ કાઢવો. આ બાબત માટે વ્યક્તિએ ચોક્કસ **(assured income)** આવક અને શક્ય **(possible income)** આવક ખ્યાલમાં રાખવી જોઈએ. કુટુંબને એક કરવાં વધારે આવકના પ્રાપ્તિસ્થાન હોઈ શકે છે. અંદાજ પત્રકના સમય દરમિયાન થતી ચોક્કસ આવક ગૃહિણીએ ગણવી જોઈએ. બીજી આવક થવાની સંભાવના કુટુંબ માટે વધારાની આવક થઈ શકે છે, પરંતુ જયારે તે હાથમાં આવે ત્યારે .

**૪. ભવિષ્યની આવક અને ખર્ચ સમતોલિત રાખવા : (Income and Expenditures balanced) :**

બીજા પગથિયાની જેમ આ પણ ઘણું અગત્યનું છે. આના માટે ઝીણવટથી વિચારણા કરવાની જરૂર હોય છે. આવક અને ખર્ચનો મેળ ના થાય તો અંદાજપત્રક અધુરું ગણાય છે. તેથી કુટુંબે ખર્ચ અને આવકને સમતોલિત

રાખવા જોઈએ. આવક વધારે હોય તો કુટુંબિજનોની કેટલીક ઈચ્છાઓ પૂરી કરી શકાય છે. પરંતુ ખર્ચ વધારે હોય અને આવક ઓછી હોય ત્યારે તેમને સમતોલિત બે રીતે કરી શકાય છે.

(A) – આવકમાં વધારો : (Incrase in income)
(B) – ખર્ચમાં કાપ : (Expenditure cut)

**(A)– આવકમાં વધારો : (Incrase in income):**

જો ગૃહિણી એવું અનુભવે છે કે આવક પૂરતી નથી અને ખર્ચ ઘટાડવો મુશ્કેલ છે, ત્યારે કુટુંબે પોતાની આવક વધારવાના પ્રયત્નો કરવા જોઈએ. દા.ત. ગૃહિણીએ નોકરી કરવી વગેરે. જયારે ખર્ચ ફક્ત વર્ષના અમુક જ સમય દરમિયાન વધારે હોય દા.ત. તહેવારના સમયે, શાળાઓ શરૂ થવાના સમયે વગેરે. ત્યારે કુટુંબ પોતાની બચતમાંથી અથવા ઉધાર લઈને જરૂરિયાતો પૂરી પાડી શકે છે. જે કે કુટુંબો માટે આવક વધારવાની તક ઓછી હોય છે.

**(B) – ખર્ચમાં કાપ : (Expenditure cut)**

ખર્ચમાં કાપ ત્રણ રીતે મૂકી શકાય છે.

૧. ખર્ચની યાદીમાંથી બિનજરૂરી ખર્ચા બાદ કરવા, દા.ત. મનોરંજન પરનો વધારાનો ખર્ચ.

૨. જોઈતી દરેક વસ્તુના જથ્થામાં થોડો કાપ મૂકીને પુરતું કુટુંબે એ વસ્તુ પરનો ખર્ચ ઘટાડવા માટે ઉતરતી ગુણવતાવાળી વસ્તુ વાપરવી નહિ. મોંઘી વસ્તુઓને બદલે સસ્તી વસ્તું ખરીદવી, દા.ત. કપડા વગેરે.

૩. ખર્ચ ઘટાડવા માટેની ત્રીજી રીત છે. વસ્તુ, પૈસાનો ખર્ચ કર્યા વગર સીધી રીતે પ્રાપ્ત કરવી દા.ત. ઘરના આંગણામાં શાકભાજી ઉગાડવા બાળકને જાતે ભણાવવું કપડાની સિલાઈ જાતે કરવી વગેરે. કુટુંબે સામાજીક સાધનસંપતિનો ઉપયોગ પણ કરવો જોઈએ.

**૫. આયોજનની સફળતા જાણવા માટે તેની વારંવાર ચકાસણી કરવી : (Cheking plans for realism)**

આયોજનની વાસ્તવિક્તા માટે નીચે આપેલી બાબતો ધ્યાનમાં રાખીને ચકાસણી કરવી.

૧. કુટુંબની અને કુટુંબના સભ્યોની વ્યક્તિગત જરૂરીયાતો ધ્યાનમાં રાખવી.

૨. ભવિષ્યના ભય, સુરક્ષા વગેરે ને ધ્યાનમાં રાખીને કટોકટીના સમય માટે થોડાક પૈસા બાજુ પર રાખવા.

૩. કુટુંબે ભરવાના બીલ કે દેવાનો હપ્તો તૈયાર રાખવો.

૪. કુદરતી પરિસ્થિતિઓ અને દેશની પરિસ્થિતિઓને ભ્યાનમાં રાખવી કારણ કે અંદાજપત્રક હંમેશા વસ્તુઓના બજાર ભાવ પર આધાર રાખે છે.

૫. કુટુંબના લાંબા ગાળાના ધ્યેયને ધ્યાનમાં રાખવા અંદાજપત્રકનું આયોજન વાસ્તવિક હોવું જોઈએ, જેથી કુટુંબના લાંબા ગાળાના ધ્યેયને યોગ્ય માર્ગદર્શન મળે છે.

**(B) અમલ : Controlling :**

આયોજનને સફળતા પૂર્વક આગળ ચલાવવા માટે યોગ્ય નિયંત્રણની જરૂર છે. આર્થિક આયોજનમાં બે પ્રકારનું નિયંત્રણ કરી શકાય છે.

**૧. આયોજનની પ્રગતિ કેવા પ્રકારની છે, બરાબર છે કે નહિ તેની તપાસ કરવી : (Checking) :**

આયોજનની પ્રગતિની તપાસણી ખૂબજ મહત્વની છે. તેનાથી આયોજકને ખાતરી થાય છે કે આયોજન દરમ્યાન લીધેલા નિર્ણયો પ્રમાણે કાર્ય થાય છે કે નહિ. આયોજકને અમલ દરમ્યાન ખાતરી રહે છે કે આયોજનમાં જરૂરી ફેરફાર કરવાની જરૂર છે કે નહિ. આ કાર્ય માટે જુદી – જુદી રીતે તપાસણી કરી શકાય.

### ૧. માનસિક તપાસણી : (Mental Checking) :

ચાલુ ખર્ચમાં જરૂરીયાત કરતા વધું ખર્ચ ન થાય તેના માટે માનસિક ચકાસણીની જરૂર પડે છે. વાસ્તવિક ખર્ચની વહેચણી જુદા – જુદા ભાગમાં વહેંચી તેના પર માનસિક તપાસણી કરવી. દા.ત. એક વ્યક્તિ પોતાનાં કારખાનાની કેન્ટીનમાં અઠવાડિયાના છ દિવસ જમે છે, અને મહિનાના ૭૨ રૂપિયા ભરે છે. તેમાં બક્ષીસનો પણ સમાવેશ થયેલો હોય છે. રોજના ગણતા ૩ રૂ. થાય છે તેમાં ૨૫ પૈસા બક્ષીસ પણ ગણાય. જો વ્યક્તિ એક દિવસના ૪ રૂપિયા ખર્ચે છે, તો આવતીકાલ માટેના ખાણામાંથી એણે એક રૂપિયો ઓછો કરવો પડે. અથવા એવી જગ્યાએ જાય જયાં બક્ષીસ આપવી ન પડે અને તે વધારે ખર્ચને સરભાર કરી શકે. જો તે આવી માનસિક ચકાસણી ના રાખે અને રોજના ખર્ચનો અંદાજ ના કાઢે તો મહિનાને અંતે તેનો વધારે પડતો ખર્ચ થવાનો સંભવ રહે.

### ૨. ખર્ચની નોંધણી : (Keeping records of expenditure) :

અંદાજપત્રકની ચકાસણીની આ બીજી રીત છે. ગૃહિણીઓએ ઘર ખર્ચનો હિસાબ રાખવો જોઈએ. આ હિસાબ વિસ્તારથી અથવા નોંધણી રસીદો રાખીને પણ થઈ શકે છે. ખર્ચની નોંધણી હિસાબનું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ હોય છે. પરંતુ કુટુંબે એક એક પૈસાના હિસાબ રાખી ખર્ચ અને આવકને સમતોલિત રાખવામાં કડકાઈ રાખવી જોઈએ નહિ.

### ૨. જયાં જરૂર હોય ત્યાં યોગ્ય ગોઠવણી કરવી : (Adjustment) :

આર્થિક આયોજનના નિયંત્રણ માટેની આ બીજી રીત છે. આયોજનમાં યોગ્ય ગોઠવણીની જરૂર નીચેના કારણોને લીધે પડે છે.

૧. જો પ્રારંભિક આયોજન બરાબર ના હોય તો ધ્યેયસિદ્ધ કરવા માટે ફેરફાર કરવાની જરૂર પડે છે. પ્રારંભિક આયોજન બરાબર કરી શકાય. જો આવક કરતાં ખર્ચ વધારે હોય આયોજન કુટુંબના રસ અને ધ્યેય બરાબર સૂચવતું ના હોય તો આયોજનમાં ફેરફાર લાવવા માટે નવા નિર્ણયો લેવામાં આવે છે.

૨. કેટલીક એવી મુશ્કેલીઓ ઊભી થાય છે જે કુટુંબ નિયંત્રણ કરી શકતી નથી. જેવી કે કુટુંબમાં કોઈની ગંભીર માંદગી અથવા સ્વજનનું મૃત્યું વગેરે. જો કુટુંબે ચકાસણીની યોગ્ય રીત ના અપનાવી હોય તો આયોજન બરાબર વ્યવસ્થિત અને પ્રગતિ કરે છે, તેની ખબર પડતી નથી. તેથી આયોજન અને તેના વહિવટ વચ્ચે યોગ્ય અંતરની જરૂર છે.

૩. અમલ દરમિયાન યોગ્ય ગોઠવણી માટે નવા નિર્ણયો લેવાની જરૂર પડે છે. જેવા કે પ્રારંભિક આયોજનને ચાલુ રાખવું અથવા તેમાં જોઈતા ફેરફાર કરવા. ફેરફાર કરતાં પહેલા બરાબર ધ્યેયને સિદ્ધ કરવા સાધનસંપતિ પૂરતાં છે કે નહિ ટૂંકમાં કહી શકીએ કે અમલ દરમ્યાન યોગ્ય નિયંત્રણ માટે ત્રણ બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

૪. વધુ પડતો ખર્ચ થાય એ પહેલાં સંભાળી લેવું.

૫. આવક અને ખર્ચની નોંધણી રાખવી.

૬. જયાં જરૂર હોય ત્યાં આયોજનમાં ફેરફાર કરવાં.

## (C) મૂલ્યાંકન : Evaluation :

કુટુંબની આવક કુટુંબના લાંબા અને ટૂંકા ગાળાના ઘ્યેયને સિદ્ધ કરવામાં થાય છે. આવક અને ખર્ચની નોંધણી આયોજનને નિયંત્રણમાં રાખવામાં અને યોગ્ય મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે. એટલે અંદાજપત્રકના ફાળવેલા સમય દરમ્યાન થતા ખર્ચાના યોગ્ય વિશ્લેષણ માટે મૂલ્યાંકન ઘણું અગત્યનું બને છે. અંદાજપત્રકના દરેક તબક્કાની આંકણી કરવામાં આવે છે. દા.ત. ખરીદી ઓચિંતી હતી કે આયોજિત ? કિંમતની આંકણી બરાબર હતી કે નહિ ? વગેરે. ઘણા બધા ફેરફાર મૂલ્યાંકનને સ્પષ્ટ કરે છે. કુટુંબને યોગ્ય ફેરફાર કરવામાં મદદ કરે છે. ખર્ચનો અને મિલ્કતની નોંધણી મૂલ્યાંકનમાં અગત્યનો ભાગ ભજવે છે.

## ♦ અંદાજ પત્રકને (બજેટ) ને અસર કરતાં પરિબળો : (Factors sbbecting budget) :

અંદાજપત્રકને અસર કરતાં કેટલાંક પરિબળો છે. જેવી રીતે સાધનસંપતિનો ઉપયોગ એક બીજા સાથે સંબંધ ધરાવતો હોય છે, તેવી જ રીતે કુટુંબના અંદાજપત્રકના પરિબળો એક બીજા સાથે સંકળાયેલહોય છે.

### ૧. કુટુંબની નાણાકિય આવકનો જથ્થો : (Economic status of the family) :

કુટુંબની પૈસારૂપી આવકનો જથ્થો કુટુંબના અંદાજપત્રકને અસર કરતું મહત્વનું પરિબળ છે. કુટુંબ આર્થિક સામાજીક સ્તર નજીકથી એકબીજા સાથે સંકળાયેલું છે. કુટુંબની આવકના પ્રમાણમાં, તેમની આર્થિક રીતે વરણી થાય છે. જેવા કે ઊંચી આવક, મધ્યમ આવક અને ઓછી આવક, કૌટુંબિક ખર્ચના દરેક મથાળા પાછળ વપરાતા પૈસાનો જથ્થો, કુટુંબની આવક પર આધારિત હોય છે. કુટુંબની આવક વધવાથી કુટુંબની મૂળ જરૂરિયાતો પાછળ થતા ખર્ચામાં પ્રમાણસર ઘટાડો થાય છે. આવક વધવાથી કુટુંબની મૂળ જરૂરિયાતો પાછળ થતા ખર્ચામાં પ્રમાણસર ઘટાડો થાય છે. આવક વધતા જરૂરિયાતો પણ વધે છે. અને ખર્ચા પણ વધે છે. સાથે – સાથે પ્રમાણસર બચતમાં પણ વધારો થાય છે.

### ૨. કુટુંબના સભ્યોનો ધંધો : (Occupation of the members of the family) :

કુટુંબના સભ્યોની નોકરી અથવા ધંધો પણ કૌટુંબિક અંદાજપત્ર ને અસર કરે છે. કારણ કે પોતાનો ધંધો વિકસાવવા કે કાયમ રાખવા તેની પાછળ ખર્ચ કરવો પડે છે. દા.ત. ડોક્ટર દવાખાના પાછળ, વકીલ – વકીલાતની ચોપડીઓ માટે, ઓફિસરો મહેમાનો પાછળ અને સભ્ય થવા માટે વગેરે. નોકરીયાતોને કેટલીક સગવડો પણ આપવામાં આવે છે.જેવી કે બાળકોનું મફત શિક્ષણ રાચરચીલા સાથે ઘર, દવાદારનો ખર્ચ, મુસાફરીનો ખર્ચ વગેરે એનાથી અ બધા પાછળ કુટુંબના ખર્ચા ઘટી જાય છે.

બી.એ. હોમસાયન્સ – ૨૦૧૮-૧૯

વિષય : ફૂડ પ્રીઝરવેશન અને પેકેજીંગ – CC - 14

સેમેસ્ટર – ૪

પ્રા. શોભનાબેન પી. વાળા

## Unit II Method of Food Preservation :

ખાદ્ય પરિરક્ષણની પદ્ધતિઓ દ્વારા પરિરક્ષિત કરેલ ખોરાક કે જેનું પોક્ષણમૂલ્ય અને સ્વીકાર્યતા તાજા ખાદ્ય જેવા જ હોય છે. તેથી પરિરક્ષિત ખાદ્યોનું મહત્વ વધી ગયું છે. પરિરક્ષણની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરતી વખતે ધ્યાન રાખવું કે તેની સ્વીકાર્યતા, રંગ, સુગંધ અને પોષણમૂલ્ય પર કોઈ અસર ન થાય.

– **ખાદ્ય પરિરક્ષણની મુખ્ય બે પદ્ધતિઓ છે.**

૧. બેક્ટેરિયોસ્ટેટિક પદ્ધતિ (Bacterio – Static Inethod) (જીવાણું વિરોધી પદ્ધતિ) :

૨. બેક્ટેરિસિડલ પદ્ધતિ (Bactericidal Inethod) (જીવાણું નાશક પદ્ધતિ) :

**૧. બેક્ટેરિયોસ્ટેટિક પદ્ધતિ :**

આ પદ્ધતિમાં સૂક્ષ્મજીવાણુંઓની વૃદ્ધિને અટકાવવામાં આવે છે. દા.ત. સુકવણી કરવી, આથો લાવવો, મંદ એન્ટિસેપ્ટિક પદાર્થોનો ઉપયોગ કરવો જેવા કે મીઠું, ખાંડ, વિનેગર, રાસાયણિક સંગ્રાહકો તેમજ ફ્રીઝીંગ પદ્ધતિ (નીચું તાપમાન) દ્વારા સૂક્ષ્મ જીવાણુંઓનો વિકાસ અટકાવી શકાય છે. જેની વિગતે ચર્ચા નીચે પ્રમાણે કરેલી છે.

**(૧) સુકવણી (ડીહાઈડ્રેશન) :**

સુકવણી એટલે ભેજ રહિત કક્ષાની પદ્ધતિ. સૂક્ષ્મ જીવાણુઓની વૃદ્ધિ ભેજની હાજરીમાં વધારે થાય છે. જયારે ખાદ્ય પદાર્થને ભેજ રહિત કરવામાં આવે અને પાણીની સાંદ્રતા અમુક લેવલથી નીચે કરવામાં આવે ત્યારે સુક્ષ્મ જીવાણુંની વૃદ્ધિ અટકે છે અને ખાદ્ય પદાર્થમાં બગાડ થતો નથી.

– **સુકવણીની પદ્ધતિના મુખ્ય બે પ્રકાર છે.**

૧. કુદરતી સુકવણી

૨. કૃત્રિમ સુકવણી

**૧. કુદરતી સુકવણી :**

જે જગ્યાએ સૂર્યનો તડકો પૂરતા પ્રમાણમાં મળી રહેતો હોય તેવી જગ્યાએ આ પ્રકારની સુકવણી વિશેષ કરવામાં આવે છે. બટેટા, ટમેટા, વટાણા, ભીંડા, સલણ, મેથી, કોથમીર, આદુ, હળદર તેમજ ફળો : જેવા કે કેળા, ખારેક, અંજીર, દ્રાક્ષ, કાચી કેરી, રાયણ, બોર વગેરેની સુકવણી આ પદ્ધતિથી કરવામાં આવે છે. અનાજ અને કઠોળની બનાવટો : દા.ત. વડી, પાપડ, વગેરે પણ સૂર્યપ્રકાશમાં સૂકવવામાં આવે છે.

આ પદ્ધતિનો ગેરફાયદો એ છે કે માટી, જીવજંતુ અને હવાથી તેનો બગાડ થવાથી સંભાવના રહે છે.

**૨. કૃત્રિમ સુકવણી :**

યાંત્રિક સાધનોનો ઉપયોગ કરીને કૃત્રિમ સુકવણી કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

**૧. રોલર દ્વારા સુકવણી :**

આ પદ્ધતિમાં પ્રવાહિનું યાંત્રિક સુકવણી દ્વારા પાવડર સ્વરૂપમાં રૂપાંતર કરવામાં આવે છે. જેમ કે દૂધનો પવાડર, ફળરસનો પાવડર, ઈંડાનો પાવડર વગેરે આ પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. પ્રવાહી ખાદ્ય પદાર્થ ઉપર ગોળ ફરતું રોલર ફીટ કરવામાં આવે છે. પ્રવાહિની સપાટીને અડકીને રોલર ઇલેક્ટ્રિક વીજપ્રવાહની મદદથી ગોળ ફરે છે. રોલર દ્વારા ખૂબ જ ગરમી આપવામાં આવે છે. અને પ્રવાહીમાંનો ભેજ ઊડી જાય છે. ભેજ ઊડી ગયા બાદ રોલર ઉપર ફિક્સ કરેલી બ્લેડની ધાર વડે ઘસાઈને પાવડર છૂટો પાડવામાં આવે છે. આમ પ્રવાહિમાંથી પાવડર સ્વરૂપમાં ખાદ્ય પદાર્થનું રૂપાંતર કરવામાં આવે છે.

**૨. કેબિનેટ દ્વારા સુકવણી :**

મોટા ઓવન જેવા કેબિનેટ સુકવણી માટે વપરાય છે. ટ્રેમાં ખાદ્ય પદાર્થ ભરી કેબિનેટમાં મૂકવામાં આવે છે. ઈલેક્ટ્રીક વીજપ્રવાહ દ્વારા ગરમી આપવામાં આવે છે. આ રીતે ખાદ્યપદાર્થમાંથી ભેજ દૂર કરવામાં આવે છે. અને ખાદ્ય પદાર્થ સુકવવામાં આવે છે.

**૩. સ્પ્રે ડાઈંગ :**

આ પદ્ધતિમાં મિકેનિકલ સ્પ્રે ડાયર હોય છે. જેમાં ખૂબ ફોર્સથી પ્રવાહી ખાદ્ય પદાર્થને સ્પ્રે કરવામાં આવે છે. સામે એટલાં જ ફોર્સથી ગરમી આપવામાં આવે છે, જેથી પ્રવાહી ઝીણાં પાવડરનાં સ્વરૂપમાં ફેરવાય છે.

**(૨) આથો લાવવાની પદ્ધતિ (ફરમેન્ટેશન) :**

આથો લાવવાની પદ્ધતિ એક રાસાયણિક પ્રક્રિયા છે. જેમાં કાર્બોદિત પદાર્થોનું સૂક્ષ્મ જીવાણું દ્વારા આથવણ થાય છે અને હાનિકારક સૂક્ષ્મ જીવાણુનો વિકાસ અને ઉત્સેચકોની પ્રક્રિયા અટકે છે અને ખાદ્ય પદાર્થોને બગડતા અટકાવવામાં આવે છે.

**૧. આલ્કોહોલિક ફરમેન્ટેશન**

**યીસ્ટ**

**શર્કરા ——— આલ્કોહોલ + $Co_2$**

આ પ્રકારના ફરમેન્ટેશનમાં આલ્કોહોલ પરિક્ષાક છે. દારૂની બનાવટમાં આ ક્રિયાનો ઉપયોગ થાય છે.

**૨. એસિટિક એસિડ ફર્મેન્ટેશન**

**સૂત્ર**

આ પ્રકારના ફર્મેન્ટેશન દ્વારા તૈયાર એસિટિક એસિડ (વિનેગર) પરિરક્ષક તરીકે કામ કરે છે. વિનેગર નો ઉપયોગ અથાણા, ચટણી, સોસ અને કેચપમાં થાય છે.

**૩. લેક્ટિક એસિડ ફર્મેન્ટેશન**

**સૂત્ર**

આ રીતે તૈયાર થતું લેક્ટિક એસિડ પરિરક્ષક તરીકે ખાસ કરીને અથાણાંની બનાવટમાં થાય છે. દૂધમાંથી દહીં પણ લેક્ટિક એસિડ ફર્મેન્ટેશન દ્વારા તૈયાર કરી શકાય છે.

**(૩) મંદ એન્ટિસેપિટક પદાર્થોનો ઉપયોગ :**

મીઠું, ખાંડ, તેલ, ગરમ મસાલા, વિનેગર તેમજ કેટલાંક રાસાયણિક પરિરક્ષક પદાર્થો જ્યારે યોગ્ય પ્રમાણમાં ઉમેરવામાં આવે તો તે સૂક્ષ્મ જીવાણુઓને નિષ્ક્રિય બનાવે છે અને તેની વૃદ્ધિ અટકાવે છે વિવિધ પ્રકારના અથાણા, જામ, જેલી, મુરબ્બા, ટામેટો સ્કવોશ વગેરેની બનાવટ માં આ પદાર્થો સંગ્રાહક તરીકે કામ કરે છે, જે નીચે મુજબ છે.

**૧. મીઠું (સોડિયમ ક્લોરાઈડ)**

મીઠાનો ઉપયોગ શરૂઆતમાં ફક્ત સ્વદ માટે થતો હતો પાછળથી તેની સંરક્ષણ શક્તિનો ખ્યાલ આવ્યો અથાણામાં મીઠું પરિરક્ષક તરીકે કાર્ય કરે છે. મીઠાનાં ૧૫ થી ૨૦ ટકા પ્રમાણમાં ફળ કે શાકભાજી માં રહેલા સ્ટાર્ચ કે શર્કરાનું રૂપાંતર લેક્ટિક એસિડમાં થાય છે. લેક્ટિક એસિડના લીધે અથાણાંમાં ખાસ પ્રકારની સુગંધ આવે છે અને એસિડીટી વધે છે. એસિડિક માધ્યમમાં સૂક્ષ્મજીવાણુનો વિકાસ અટકે છે. આ રીતે અથાણામાં મીઠું પરિરક્ષક તરીકે કાર્ય કરે છે. કેરીના ખોખીયા, આમળા, આમલી વગેરેમાં મીઠું ચડાવી સંગ્રહ કરી શકાય છે.

**૨. ખાંડ**

ખાદ્ય પદાર્થમાં જયારે ખાંડનું પ્રમાણ ૬૫ થી ૭૦ ટકા જેટલું માપવામાં આવે છે ત્યારે તે પરિરક્ષક તરીકે કાર્ય કરે છે. ખાંડના વધુ પ્રમાણને લીધે ઓસ્મોટિક દબાણ (આશ્રિતદાબ) વધે છે જેથી પ્રવાહીનું પ્રમાણ ઘટવાને લીધે સૂક્ષ્મ જીવાણુઓ જીવિત રહી શકતા નથી. આમ ખાંડના વધુ પ્રમાણવાળા ખાદ્ય પદાર્થો જેવા કે જામ, જેલી, મુરબ્બો, સ્કવોશ, સીરપ વગેરે લાંબા સમય સુધી બગડતા નથી. આ પ્રકારની બનાવટોને કાચની બોટલમાં ભરવામાં આવે છે.

**૩. તેલ**

ખાદ્ય પદાર્થની બનાવટ ઉપર તેલનું આવરણ રાખવાથી સૂક્ષ્મ જીવાણુઓ જેવા કે યીસ્ટ અને ગોલ્ડની વૃદ્ધિ અટકાવી શકાય છે. કારણ કે તેમાં હા પ્રવેશી શકતી નથી અથાણામાં તેલ ઉમેરવાથી તે લાંબા સમય સુધી

બગડતા નથી. અનાજ કે કઠોળ ને લાંબા સમય સુધી સંગ્રહ કરવા માટે પણ તેના ઉપર તેલનું આવરણ કરવામાં આવે છે.

**૪. મસાલા**

ગરમ મસાલા જેવા કે હળદર, મરી, લવિંગ, હિંગ વગેરેમાં થોડાક પ્રમાણમાં જીવાણુંઓનો વિકાસ અટકાવવાની શક્તિ હોય છે. જોકે ગરમ મસાલાનું મુખ્ય કાર્ય ચોક્કસ પ્રકારની સુગંધ આપવાનું છે.

**૫. વિનેગર**

વિનેગર એ એસિટિક એસિડનું મંદ સ્વરૂપ છે.તેના દ્વારા ફળ અને શાકભાજીનું પરિરક્ષણ થાય છે. અથાણાં, સોસ અને ચટનીમાં વિનેગરનો ઉપયોગ પરિરક્ષક તરીકે થાય છે. વિનેગરમાં એસિટિક એસિડનું પ્રમાણ ૨% થી ઓછું ન હોવું જોઈએ.

**૬. રાસાયણિક પરિરક્ષક પદાર્થો**

કેટલાંક રાસાયણિક પદાર્થો નિશ્ચિત પ્રમાણમાં જયારે ખાદ્ય પદાર્થની બનાવટમાં ઉમેરવામાં આવે છે, ત્યારે તે કેટલીક બિનજરૂરી રાસાયણિક પ્રક્રિયાને અટકાવે છે. દા.ત. ઉત્સેચકોની ક્રિયા અટકાવે છે. તેમજ તે એન્ટીઓક્સિડન્ટ તરીકે કાર્ય કરે છે. દા.ત. સોડિયમ બેન્જોએટ – બેન્જોઇડ એસિડ તેના સોડિયમ ક્ષારના રૂપમાં અસરકારક અવરોધક તત્વ તરીકે કાર્ય કરે છે. ફુગનાશક તરીકે કામ કરે છે. તેનો ઉપયોગ કાચા રંગના ફળોની બનાવટમાં તેમજ ટામેટા કેચપમાં કરવામાં આવે છે. જેનું પ્રમાણ દર કિલોગ્રામ દીઠ ૬૦૦ થી ૧૦૦૦ mg જેટલું રાખવામાં આવે છે.

સોડિયમ બેન્જોએટ સિવાય પોટેશિયમ મેટાબાય– સલ્ફેટ પણ અસરકારક સંગ્રાહક તરીકે કાર્ય કરે છે. ફળ રસમાં કે ફળની બનાવટમાં રહેલા સાઈટ્રિક એસિડની હાજરીને લીધે પોટેશિયમ મેટા – બાયસલ્ફાઈટનું રૂપાંતર પોટેશિયમ સાઈટ્રેટ અને સલ્ફર ડાયોક્સાઈડમાં થાય છે. વળી સલ્ફર ડાયોક્સાઈડ ઓક્સિડેશન અટકાવે છે. આથી ફળની બનાવટોના રંગ અને સ્વાદ જળવાઈ રહે છે.

આ બન્ને રાસાયણિક પદાર્થો પૈકી ગમે તે એકનો ઉપયોગ ચોક્કસ માત્રામાં પરિરક્ષક તરીકે કરવામાં આવે છે. પોટેશિયમ મેટા બાયસલ્ફેટ પાકા રંગના ફળોની બનાવટોમાં પરિરક્ષક તરીકે વપપરાય છે. જેનું પ્રમાણ દર કિલો દીઠ ૫૦૦ થી ૭૦૦ m.g. જેટલું રાખવામાં આવે છે.

ખાદ્યિ તેલોમાં ખોરાશ (Rancidity) અટકાવવા માટે બ્યુટાયલેટેડ હાઈડ્રોક્સી એની સોલ (BHA) બ્યુટા હાઈડ્રોક્સી યેલ્યુન (BHT), લીસીથીન જેવા માન્ય એન્ટિઓક્સિડન્ટના ઉપયોગ થાય છે.

**(૪) ફ્રીઝિંગ પદ્ધતિ (નીચા ઉષ્ણતામાનનો ઉપયોગ) :**

નીચા ઉષ્ણતામાને સૂક્ષ્મ જીવાણું અને ઉત્સેચકોની પ્રક્રિયા ધીમી થાય છે. અથવા અટકે છે. નીચા ઉષ્ણતામાન માટે નીચે જણાવેલ તાપમાનનો સમાવેશ થાય છે.

૧. સેલર સ્ટોરેજ ટેમ્પરેચર (about 15'c)

૨. રેફ્રીજરેટર અતવા ચિલિંગ ટેમ્પરેચર (0'c to 5'c)

૩. ફ્રીઝિંગ ટેમ્પરેચર (-18'c to -40'c)

**૧. સેલર સ્ટોરેજ ટેમ્પરેચર (about 15'c)**

વધારે પ્રમાણ ખાદ્ય પદાર્થનો સંગ્રહ સેલરમાં કરવામાં આવે છે. તેમાં 15'c કરતાં ઓછું તાપમાનન હોય છે. બટાટા, ડુંગળી, સફરજન જેવા અમુક ખાદ્યો (ખાદ્ય પદાર્થો) નિશ્ચિત સમય સુધી ખારા કરીને શિયાળામાં સંગ્રહ કરવામાં આવે છે.

**૨. રેફ્રીજરેટર અતવા ચિલિંગ ટેમ્પરેચર (0'c to 5'c)**

ચિલિંગ ટેમ્પરેચર બરફ અથવા રેફ્રીજરેશન દ્વારા કેટલાંક ખાદ્ય પદાર્થોને સાચવી શકાય છે. દા.ત. ફળો અને શાકભાજી, માંસ, તાજુ દૂધ અને દૂધની બનાવટો, માછલી, ઈંડા વગેરે બે દિવસથી એક અઠવાડિયા સુધી સાચવી શકાય છે. તદુપરાંત ઘરમાં કે હોટલમાં વધેલો ખોરાક પણ રેફ્રીજરેશન માં સાચવી શકાય છે.

**૩. ફ્રીઝિંગ ટેમ્પરેચર અથવા કોલ્ડ સ્ટોરેજ (-18'c to -40'c)**

સૂક્ષ્મ જીવાણુઓની વૃદ્ધિઅને ઉત્સેચકોની  પ્રક્રિયા આ ટેમ્પરેચરે અટકે છે. પરિશેબલ ખાદ્ય પદાર્થો ઘણા માછલી વગેરે શાકભાજીને ફ્રોઝન કરતાં પહેલા બ્લાન્સિંગ કરવું જરૂરી છે, જેથી તેમાં અનિચ્છીય સુગંધ ન રહે.

**◆ ૨. બેક્ટેરિસિડલ પદ્ધતિ : (જીવાણું નાશક પદ્ધતિ)**

ઊંચા ઉષ્ણતામાને જીવાણુનો નાશ કરવાની આ પદ્ધતિ છે. દરેક જીવ માટે ચોક્કસ ઉષ્ણતામાન જીવન ટકાવવા માટે જરૂરી છે. અને તેના કરતાં વધું ઉષ્ણતામાને સૂક્ષ્મ જીવાણુંઓ અને તેની સાથે ખાદ્ય પદાર્થમાં રહેલા ઉત્સેચકો પણ નાશ પામે છે. બ્લાન્ચિંગ સ્ટરીલાળઝેશન, પેશ્ચુરાઈઝેશન, પ્રોસેસિંગ વગેરે પદ્ધતિમાં ઊંચા ઉષ્ણતામાનના સિદ્ધાંતનો ઉપયોગ થાય છે. પરિક્ષણ માટે ઉપયોગમાં લેવાતા ઊંચા ઉષ્ણતામાનનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય.

**૧. પેશ્ચુરાઈઝેશન 100' c કરતાં નીચા તાપમાને.**

ખાદ્ય પદાર્થમાં રહેલા બધાજ તેથોજન્સનો નાશ કરવા માટે પેશ્ચુરાઈઝેશન પદ્ધતિનો ઉપયોગ થાય છે. દૂધ અને ડેરી પ્રોડક્ટસ માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. દૂધને 72'c ઉષ્ણતામાને લગભગ 15 સેકન્ડ સુધી ગરમ કરવામાં આવે છે. પેશ્ચુરાઈઝેશન પછી દૂધને તરત 10'c અથવા તેના કરતા ઓછા તાપમાને ઠંડુ કરવામાં આવે છે. ફળોના જ્યુી, એરેટેડ ડ્રીંક્સને આ પદ્ધતિથી પરિક્ષણ કરવામાં આવે છે.

**૨. કેનિંગ 100' c કરતાં ઊંચા તાપમાને.**

100' c કરતાં ઊંચા ઉષ્ણતામાને કેનિંગ કરવામાં આવે છે. સામાન્ય રીતે 120'c  5Ib વરાળના દબાણનો ઉપયોગ કેનિંગ માટે કરવામાં આવે છે. જેમાં સૂક્ષ્મજીવાણુંનો નાશ થાય છે. અને ઉત્સેચકોની ક્રિયા અટકે છે. શાકભાજી જેવા લીલા વટાણા, ભીંડા, બીન્સ વગેરેનું કેનિંગ કરી શકાય છે. આ પદ્ધતિમાં સ્ટરીલાઈજડ હવાચુસ્ત કન્ટેનરને સીલ કરી ઊંચા ઉષ્ણતામાને રાખવામાં આવે છે.આ ઉષ્ણતામાને સ્ટીમ પ્રેશર સ્ટરીલાઈઝર્સ

જેવા કે પ્રેશરકુકર અથવા ઓટોક્લેવનો ઉપયોગ કરવામાં આવે છે. સમય અને તાપમાન ખાદ્ય પદાર્થના પ્રકાર પર આધારિત હોય છે.ઘણા પ્રકારના બેક્ટેરરિયા અને તેના સ્પોર્સ આ પદ્ધતિથી નાશ પામે છે. કેટલાંક સ્પોર્સ જીવંત રહી ગયા હોય તો પણ તે નાશ પામી શકતા નથી. કારણ કે કેનમાં અનએરોબિક વાતાવરણ હોય છે.

### ૩. બોઈલિંગ (કુકિંગ) (100' c તાપમાને).

આ પદ્ધતિમાં ઉષ્ણતામાન લગભગ 100' c રાખવામાં આવે છે. બોઈલિંગ પદ્ધતિથી બેક્ટેરિયાના કોષો, યીસ્ટ,મોલ્ડ વગેરેનો નાશ થાય છે. બોઈલિંગ પદ્ધતિમાં ખાદ્ય પદાર્થોને ૧૨ થી ૨૪ કલાક સુધી રૂમ ટેમ્પરેચરે પરિરક્ષિત કરી શકાય છે. દૂધને પણ આ પદ્ધતિથી પરિરક્ષિત કરવામાં આવે છે.

### (૪) ઈરરેડિયેશન :(Irradiation) :

આયોનાઈઝિંગ રેડિયેશન જેવા કે કિરણોથી અને ફાસ્ટ ઈલેક્ટ્રોન્સથી સૂક્ષ્મ જીવાણુનો નાશ થાય છે. આ પદ્ધતિથી પેરીશેબલ ખાદ્ય પદાર્થો જેવા કે માંસ, માછલી અને ફળોને લાંબા સમય સુધી સંગ્રહી શકાય છે. બટાટા, ડુંગળીમાં અંકુર ન ફૂટે એ માટે રેડિયેશન દ્વારા પરિરક્ષણ કરી શકાય છે. નટસડ્રાય ફ્રુટસ અને પ્રોસેસ્ડ સીરિયલને રેડિયેશન ટ્રીટમેન્ટ થી લાંબા સમય સુધી પરિરક્ષણ કરી શકાય છે.

પ્રા. શોભનાબેન પી. વાળા

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની લાક્ષણિકતાઓ / લક્ષણો :**

૧. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ને ભવિષ્ય સાથે વધું સંબંધ હોય છે. : –

ડિઝાસ્ટર એટલે આપતિ અને મેનેજમેન્ટ એટલે વ્યવસ્થાપન તેથી જ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એ ભવિષ્ય માં થનારી ઘટનાઓ અને તેના આયોજન માટે નું શાસ્ત્ર વિજ્ઞાન ગણાવી શકાય છે. ભવિષ્યમાં થનારા ભુકંપ, હોનારત, રોગો સામે કઈ રીતે પગલા લેવા તેના માટે આયોજન કરે છે. દા.ત. એક વખત ભુકંપ થયા બાદ ફરી વખત આવે તો શું કરવું તેનું આયોજન ડિઝાસ્ટર મેનેજમેન્ટ કરે છે. દા.ત. કચ્છ ભુજમાં ભુકંપ આવ્યા બાદ ત્યાનાં મકાનો, હોસ્પીટલ, શાળા, કોલેજ વગેરેનું બાંધકામ એવી રીતે કરવામાં આવે છે કે જે ભુકંપ નાં આચકાને સહન કરી શકે.

૨. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં માનવીય પ્રયત્નો મહત્વના બને છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ભવિષ્યમાં થનારા આફત, તોફાન, ભુકંપ, રોગો વગેરે માં જાનહાની, માલહાની કેમ બચાવવી તે અગત્યનું છે. તેથી આના માટે માનવીય પ્રયત્નો મહત્વના ગણાવી શકાય છે. કારણ કે કોઈ પણ મહામારી, હોનારત, દુષ્કાળ વગેરે જેવી આફત માટે માણસની જરૂર પડે છે. દા.ત. ભુકંપ વખતે ઘણી જાનહાની થાય છે. આવા સમયે કાટમાળ હટાવવો વ્યક્તિ ને સહીસલામત કાટમાળ માંથી કાઢી દવાખાને પહોંચાડવી પ્રાથમિક સારવાર આપવી ખોરાક આપવો ખુબ જ અગત્યનું બને છે. ઉપરાંત ભોગ બનેલી વ્યક્તિ ને હિંમત આપવી આ બધું એક માનવી જ કરી શકે છે. મશીનો કરી શકતા નથી. તેથી માનવી માં ભાઈચારા નો ગુણ, સેવાની ભાવના વગેરે મહત્વના છે.

૩. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં સમયતત્વ અત્યંત મહત્વનું બને છે. સમયોચિત યોગ્ય નિર્ણયો ડિઝાસ્ટર ની સંભવિત નુકશાનીને લઘુતમ કક્ષાએ લઈ જઈ શકે છે.

કોઈ પણ બાબતમાં સમયને મહત્વ આપવામાં આવ્યું છે. જો સમયસર કોઈ પણ કાર્ય કરવામાં આવે છે. તેમજ યોગ્ય નિર્ણય લેવામાં આવે તો ઓછો નુકશાની ભોગવવી પડે છે. દા.ત. ભુકંપ, ટ્રેન અકસ્માત, પ્લેન અકસ્માત, આગલાગવી, હોનારત, પુર વગેરે આપત્તી માં તાત્કાલીક એટલે કે આપત્રકાલીન બેઠક દ્વારા ઝડપી અને યોગ્ય નિર્ણય લીધા બાદ રાહતદરોનાં કાર્યો ચાલું કરી દેવામાં આવે છે. તેમજ સ્વૈરછીક સંસ્થાઓ દ્વારા સહાય, ડોક્ટરોની સહાય વગેરે તાત્કાલીક શરૂ કરી દેવામાં આવે તો ઓછી નુકશાની ભોગવવી પડે છે.

૪. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિઝાસ્ટરના પ્રકાર, ગંભીરતા અને સ્થળ, સમય ઉપર પણ આધાર રાખે છે.

સૌ પ્રથમ તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ એ આપતી અથવા સંકટ માટેની વ્યવસ્થા માટેનું શાસ્ત્ર છે. તો કોઈ પણ આપતી આવી હોય તો પહેલા એ જાણી લેવું જોઈએ. કે ડિઝાસ્ટર નો પ્રકાર કેવો છે, પ્રી ડિઝાસ્ટર છે કે પોસ્ટ ડિઝાસ્ટર છે. તે જાણી લીધા બાદ તે ક્યાં સ્થળે છે. વધારે ગંભીર છે તે બધી બાબત ને જાણી લીધા બાદ કામગીરી ચાલું કરવી જરૂરી છે. દા.ત. આગ લાગી હોય અથવા ટ્રેન અકસ્માત થયો હોય ત્યારે તે અકસ્માત નું સ્વરૂપ કેવું છે. મોટો અકસ્માત છે કે નાનો ગામની વચ્ચે થયો છે કે ગામની બહુ દૂર ત્યા પહોચવા માટે કેટલો સમય જોશે તેને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી સારવાર ચાલું કરવી જોઈએ.

૫. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની સોઓ ઈમરજન્સી સ્વરૂપમાં હોય છે.

જયારે કોઈ પણ કુદરતી આફત કે માનવસર્જીત આફત આવે છે. ત્યારે અમુક સેવા ઓ એ ઈમરજન્સી સેવાઓ તરીકે કાર્ય કરતી હોય છે. દા.ત. આર્મિ મેડિકલ, પોલીસ એમ્બ્યુલન્સ વગેરે ની જરૂરિયાત વધી જાય છે. આવા સમયે આવી ઈમરજન્સી મેનેજમેન્ટ માં ડિઝાસ્ટર પ્લાન ખુબ જ ઉપયોગી બને છે.

૬. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ડિઝાસ્ટર પ્લાન અને ડિઝાસ્ટર પોલિસી મહત્વના બને છે.

ભારત સકાર દ્વારા ડિઝાસ્ટર પ્લાન તેમજ ડિઝાસ્ટર પલિસી ને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે.તેના માટે ભારત સરકાર દ્વારા ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવે છે, તેમજ તેના માટે ભંડોળ ભેગું કરવામાં આવે છે. તેમજ મોટા ઔદ્યોગિક એકમોને પોલિસી દ્વારા વળતર આપવામાં આવે છે. દા.ત. મોટ નદીઓમાં પુર આવવાના કારણે આજુબાજુનાં ગામડાઓ ના લોકોને ખુબ નુકશાન ભોગવવું પડે છે. તો તેના માટે ભારત સરકાર ડિઝાસ્ટર પ્લાન દ્વારા સહાય ડિઝાસ્ટર પોલિસી દ્વારા આપે છે.

૭. ડિઝાસ્ટરમાં મેનેજમેન્ટ માં કુશળ અને તાલીમ બધ્ધ માનવસંશાધન જરૂરી છે.

જયારે પણ કોઈ પણ આફત, સંકટ આવે ત્યારે માણસોની ખુબ જ જરૂર પડે છે. તેના માટે માનવી માં ઘણાં ગુણો હોવા જરૂરી છે. એક તો ત્યાગની ભાવના તાલીમબધ્ધ સેવાની ભાવના, મૃત્યુનો ડર ન હોવો વગેરે દા.ત. અતિવૃષ્ટિને કારણે નદીઓમાં પુર આવવાનાં કારણે ઘણી વ્યક્તિ ડુબી જાય છે. આવા સમયે રાહત કાર્ય કરનાર વ્યક્તિ કુશળ અને તાલીમ લીધલો હોવો જોઈએ જેથી તે વધારે માં વધારે વ્યક્તિને બચાવી શકે ઉપરાંત તેનામાં ત્વરિત નિર્ણય શક્તિ બહાદુરી પ્રાથમિક સારવાર નો ગુણ વગેરે હોવો જોઈએ બીજી રીતે જોઈએ તો આર્મિડોક્ટરો, સામાજિક કાર્યકરો વગેરે તાલિમ બધ્ધ હોવાના કારણે તેના દ્વારા જાનહાની વધુ થતા અટકાવી શકાય છે.

૮. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ધિરજયુક્ત, ખર્ચાળ, અટપટ્ટી અને અઘરી કામગીરી છે.

આ અગત્યનું લક્ષણ ગણાવી શકાય કારણ કે કોઈપણ આકસ્મિક ઘટના ઘટી હોય ત્યારે એક તો તે ખર્ચાળ, અઘરી, અટપટ્ટી બને છે. પહેલા તો તે જાણી લેવું જોઈએ કે એ અકસ્માત મોટી છે નાનો જો મોટો હો તો ધીરજ પૂર્વક રાહતકાર્યો, ચાલુ કરવા તેમજ જે અકસ્માત નો ભોગ બને છે તે વ્યક્તિ ને સારવાર, ફુડપેકેટ, આવવા જવામાં મુશ્કેલી વગેરે ખુબ ખર્ચાળ બને છે. તયાર બાદ તે જગ્યાને નુકશાન ફરી વખત ઉભું કરવું વગેરે બાબતો ખુબ ખર્ચાળ, અટપટ્ટી અને અઘરી બને છે. દા.ત. ભુકંપ આવ્યા બાદ ત્યાનો કાટમળ હટાવવો લોકો ને બહાર કાઢવા હોસ્પીટલે લઈ જવા તેઓને કપડા, ફુડ, પાણી, દવા વગેરે ખુબ અઘરી કામગીરી ગણાવી શકાય.

૯. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં બહુલક્ષી કામગીરી મહત્વની બને છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં સમુહ કાર્ય દ્વારા કાર્ય ઝડપ થી પાર પડે છે. એકલી વ્યક્તિ થી બધુ કાર્ય થતું નથી તેથી આ વ્યવસ્થામાં જુદી – જુદી ટીમ દ્વારા જુદા – જુદા કાર્ય કરવામાં આવે છે. જુદી – જુદી ટીમને જુદુ – જુદુ કાર્ય સોંપી દેવામાં આવે છે. તેથી ઝડપથી કામગીરી ચાલુ કરવામાં આવે છે.દા.ત. ડોક્ટરો દ્વારા ભોગ બનેલી વ્યક્તિની તાત્કાલિક સારવાર કરવામાં આવે છે.રેડક્રોસ સોસાયટી ના કાર્યકરો દ્વારા ભોગ બનેલી વ્યક્તિને બહાર કાઢવી તેને પ્રાતમિક સારવાર આપવી તેને હોસ્પિટલ લઈ જવામાં મદદ કરવી ખોરાક આપવો તેમજ આર્મી માં જવાનો દ્વારા વ્યક્તિ ને બહાર કાઢવી તેને ઉચકીને ડોક્ટરો પાસે લઈ જવી ખોરાક, કપડા, પ્રથમિક સારવાર આપવી વગેરે.

૧૦. સંકલન કાર્યો ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં મહત્વનું બને છે.

આ મહત્વનું લક્ષણ ગણી શકાય છે જે ટીમો કાર્ય કરે છે. તે ટીમો વચ્ચે સંકલન હોવું જરૂરી છે. બધા માં સાથે મળીને કાર્યકરે તેવી ભાવના બધામાં હોવી જોઈએ કારણ કે એકલા હાવે કોઈ મોટું કાર્ય પાર પડતું નથી તેથી જ ટીમવર્ક કરવાથી ગમે તેવું મોટુ કાર્ય હોય તો પણ ટીમવર્ક દ્વારા સરળતાથી અને સમયસર પુરૂ કરી શકાય છે તેથી બધા સાથે મળીને કાર્ય કરે તે જરૂરી છે.

૧૧. ઓછામાં ઓછી જાનમાલ હાની થાય તે ડિઝાસ્ટર મેનેજમેન્ટ નો મુખ્ય હેતુ છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટનો મુખ્ય હેતુ એ છે કે કોઈપણ ઘટનાં બની ગયા પછી અથવા બન્યા પહેલા ઓછામાં ઓછી જાનહાની, માલહાની થાય તે જોવાનું કાર્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ નો છે.ડિઝાસ્ટર પ્લાન દ્વારા તાત્કાલિક જે તે સ્થળે ઘટના હોય ત્યાં પહોંચી ને ઓછી જાનહાની થાય એટલે કે વધારેમાં વધારે ભોગ બનેલી વ્યક્તિનો જીંદગી બચાવી જીંદગી બચાવવા માટે તેને પ્રાથમિક સારવાર, ખોરાક વગેરેની સગવડ પુરી પાડી અને તેને સ્વસ્થ કરવો તે જ ડિઝાસ્ટર મેનેજમેન્ટનું લક્ષણ છે. જો જાનહાની વધુ થાય તો છેવટે તો તે દેશને જ તેનો ખર્ચ ભોગવવો પડે છે.

૧૨. ડિઝાસ્ટર મેનેજમેન્ટ બે તબક્કાની મહત્વની કામગીરીમાં વહેચાઈ છે. (૧) પ્રિ – ડિઝાસ્ટર મેને. (૨) પોસ્ટ ડિઝા. મેને.

પ્રિ – ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પોસ્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ જયારે કોઈ આકસ્મિક ઘટના બને છે. ત્યારે જે મેનેજમેન્ટની જરૂર પડે છે. તે પોસ્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ જુદી – જુદી વ્યવસ્થા કરવામાં આવે છે. દા.ત. નાણા ની વ્યવસ્થા, વ્યક્તિની વ્યવસ્થા વગેરે અલગ – અલગ વ્યવસ્થા તાત્કાલીક કરવાની હોય છે. આવી ઘટના બને છે. ત્યારે મોટી સંખ્યામાં માનવ મૃત્યું, આર્થિક નુકશાની, પશુમૃત્યું વગેરે વિશાળ સંખ્યામાં થાય છે. તેથી આવી ઘટના કોઈ પણ દેશ માટે અવરોધ બાબત ગણાવી શકાય આમ ન થાય તેના માટે પ્રિ અ ડિઝા. મેને. દ્વારા ભવિષ્યમાં થનારી કોઈ પણ આમસ્મિક ઘટના માટે અગાઉ થી પ્લાન તૈયાર કરવામાં આવે છે. તેથી તેને બે તબક્કા માં કામગીરી ના આધારે વહેચવામાં આવે છે.

૧૩. દરેક ડિઝાસ્ટર નવો બોધ પાઠ નવા સ્વરૂપે આપે છે.

જયારે કોઈપણ દેશમાં કુદરતી મોટી તબાહી અથવા માનવસર્જીત તબાહી થાય છે. તરે તે દેશ આર્થિક વિકાસ માં પાછળ ધકેલાઈ જાય છે. કારણ કે તેની ખામીને પુરી કરવા માટે ઘણો સમય અને આર્થિક હુંડીયામણ તે દેશનું ઘણું બધું જતું રહે છે.તેથી ભવિષ્યમાં આવી ઘટના ન ઘટે તે માટે તે દેશ દ્વારા આગોતરા આયોજન કરવામાં આવે છે. તે પહેલા જે ઘટના ઘટી ગઈ હોય તેમાંથી તે ઘણું બધું શીખી લે છે. તેથી ન બને તેનું ધ્યાન રાખે છે છતા આવી આકસ્મિક ઘટનાતો ગમે ત્યારે અને ગમે તે જગ્યાએ થઈ શકે છે. પરંતુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ઝડપી સુધારા લાવી શકાય છે. દા.ત. ભોપાલની ગેસ દુર્ઘટના વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ભુજનો ધરતીકંપ જુદા – જુદા ટ્રેન અને પ્લેન અકસ્માતો વગેરે.

૧૪. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં નોલેજ (જ્ઞાન) મેનેજમેન્ટનું સ્થાન મહત્વનું છે.

કોઈપણ દેશમાં જયારે આપતિ, સંકટ આવે છે ત્યારે ત્યાની પ્રજા જો ભણેલી હોય તો ફાયદાકારક બને છે. કોઈ પણ ઘટના બને છે ત્યારે તેની પ્રજાને તે ઘટના ની બેજીક જાણકારી હોવી જરૂરી છે. દા.ત. ભુકંપ, વાવાઝોડું, આગલાગવી, પુર આવવું, ટ્રેન અકસ્માત થવો, પ્લેન અકસ્માત થવો વગેરે આપતી ના સમયે શું કરવું કેવા પગલા લેવા સહીસલામત કઈ રીતે રહેવું વગેરે નું નોલેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત આપવામાં આવે છે. પે ઘણું અગત્યનું છે.

૧૫. એક ડિઝાસ્ટર બીજા ડિઝાસ્ટર ને જન્મ આપી શકે છે. તેથી ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં વ્યુહાત્મકતાં આવશ્યક છે.

જયારે કોઈપણ જાતની આપતી આવે છે ત્યારે તેમાંથી નવી સાસ્યાઓ ઉત્પન્ન થાય છે.દા.ત. ભુકંપ આવ્યા બાદ રોગચાળો ફાટી નીકળે છે. તેવી જ રીતે પુર હોનારત થયા બાદ ગંદકી ના કારણે પણ રોગગચાળો ફાટી નીકળે છે.અને તેના લીધે સારવાર અથવા રાહત કાર્ય કરે છે તેમજ આજુ – બાજુ નાં વિસ્તારમાં તે રોગચાળો ફાટી નીકળે છે. આમ એક ડિઝાસ્ટર બીજા ડિઝાસ્ટરને જન્મ આપી શકે છે.

૧૬. પોસ્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ત્વરીત રાહત કામગીરી અનિવાર્ય છે.

જયારે કોઈ પણ દેશમાં આકસ્મિક ઘટના બને છે. ત્યારે તેમાથી બહાર નીકળવા માટે તે દેશના સમય, શક્તિ અને નાણાનો વ્યય થાય છે. જયારે ભવિષ્યમાં આવી ઘટના બને છે. ત્યારે ઇમરજન્સી સેવાઓ દ્વારા ત્વરીત રાહત કામગીરી અનિવાર્ય છે. કેવા પ્રકારની આપતી આવી છે તેનો પ્રકાર કેવો છે તે જાણી ઇમરજન્સી સેવાઓ દ્વારા તાત્કાલીક રાહત કાર્યો જુદી – જુદી ટીમ દ્વારા ચાલું કરાવવા જોઈએ જેથી લોકોની જીંદગી બચી શકે. દા.ત. મેડીકલ સારવાર, ફુડ પેકેટની વ્યવસ્થા, દવાની વ્યવસ્થા, રહેવા તેમજ પિવાના પાણી ની વ્યવસ્થા, પ્રાથમિક સારવાર વગેરે.

૧૭. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં નાણાંની અત્યંત આવશ્યકતા રહે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ને બે તબક્કામાં વહેચવામાં આવે છે. પ્રિ – ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પોસ્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ આ બંને માં નાણાની વ્યક્તિની સમય, શક્તિ વગેરેની ખુબ જ આવશ્યકતા રહે છે. કારણ કે કોઈ પણ ઘટના ઘટે છે. તેમાંથી બહાર નીકળવા માટે અને ભવિષ્યમાં એવી કોઈ ઘટના બને છે ત્યારે તેના અગાઉનાં અયોજન માટે વિશાળ ક્ષેત્રમાં નાણા ભંડોળ ની જરૂર પડે છે.

૧૮. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં અસરગ્રસતોનો સહકાર અને બાહ્ય સહાયકોની મદદ કે સહકારની અત્યંત આવશ્યકતા રહે છે.

કોઈ પણ દેશ માટે કુદરતી આફત કે માનવીર્જીત આફત કે અત્યંત દુખદાયક બાબત ગણી શકાય કારણ કે આવી આફતો તે દેશના વિકાસ ને અવરોધે છે તે દેશને ઘણું સહન કરવું પડે છે. જાનહાની, માલહાની વગેરે કોઈપણ દેશ ગમે તેટલો સઘ્ઘર હોવા છતા આવા સમયે નાણા શક્તિ તેની ઓછી પડે છે. ત્યારે તેને બીજા દેશની સહાયની જરૂર પડે છે. ત્યારે તેને W.H.O., રેડક્રોસ સોસાયટી, સ્વૈચ્છિક સંસ્થા અન્ય દેશોની આર્થિક સહાયની જરૂર પડે છે.

૧૯. ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી માં તંત્ર ની પ્રતિબંધતા જરૂરી બને છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં ટીમ વર્કની જરૂર પડે છે. એકલી વ્યક્તિ થી આ કાર્ય પુરૂ થતું નથી તેમાં જુદા – જુદા વિભાગોની જુદી – જુદી કામગીરી સોંપવામાં આવે છે. તેમજ દેશની આર્થિક, માનસિક શક્તિઓને કામે લગાડવી પડે છે. દા.ત. મેડીકલ, ફાયર, સ્વૈચ્છિક સંસ્થાઓ માનવશક્તિ વગેરેને યોગ્ય રીતે કામે લગાડવા માટે એક પ્લાન તૈયાર કરવાનો હોય છે. તે તૈયાર થયા બાદ જુદી – જુદી કામગીરી સોંપવામાં આવે છે.

૨૦. ડિઝાસ્ટર મેનેજમેન્ટ દૂર્ઘટના સાથે સંકળાયેલી હોવા છતા પણ તેની કામગીરી સતત ચલાવવામાં આવે છે.

કોઈપણ ઘટના કોલપણ દેશના બની ગયા બાદ તેમાંથી તે દેશને બહાર નીકળતા ઘણો સમય લાગે છે. દા.ત. કચ્છમાં થયેલ ધરતીકંપ ભોપાલની ગેી દુર્ઘટના જે તે દુર્ઘટના થયા બાદ ફરી વખત બધી સગવડો ત્યાના લોકોને પુરી પાડવી ઘણુ જ અગત્યનું છે. તેથી અન્ય સ્થળ કરતાં ત્યાની કામગીરી સતત ચાલું રહે છે. કારણ કે ફરી વખત તે જગ્યાનું નિર્માણ કરવાનુ હોય છે.

૨૧. ડિઝાસ્ટર મેનેજમેન્ટ કામગીરીમાં નવીનતા, સંશોધન વિકાસ, ટેકનોલોજી વધુ ઉપયોગી થઈ શકે છે.

અત્યારનો યુગ એ વૈજ્ઞાનિક અને ટેકનોલોજીનો યુગ ગણી શકાય. નવી – નવી શોધો નવા – નવા યંત્રો, નવી – નવી ટેકનોલોજી દિવસે ને દિવસે નવી – નવી જોવા મળે છે. ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં આવી નવી – નવી શોધો ટેકનોલોજી ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. દા.ત. ટેલિવિજન દ્વારા જુદી – જુદી ઋતુ ની માહિતી સાયકલોન વગેરે ની જાણકારી મેળવી શકાય છે. તેમજ કોઈ પણ દેશમાં કોઈ ઘટના ઘટે ત્યારે અન્ય દેશ તેમની શીખ લઈને પોતાનો દેશમાં એવી ઘટના ઘટે તો શું સાવચેતી ના પગલા લઈ શકાય તેના વિશે માહિતગાર બની શકે છે. તેમજ નવી ટેકનોલોજી અને સંશોધન અને પ્રચાર – પ્રસાર નાં સાધનો દ્વારા માનવી ને એલર્ટ કરી શકાય છે. દા.ત. વાસ્તવિક થવાનું હોય ત્યારે ટેલિવિજન, રેડિયામાં સુચના આપવામાં આવે છે.તેથી જાનહાની ,માલહાની થતા અટકાવી શકાય છે. આ બધું નવું સંશોધન વિકાસ અને ટેકનોલોજીના કારણે શક્ય બન્યું છે. આમ ઉપર મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટનાં લક્ષણો રહેલા છે.

**ઉપસંહાર :**

આમ ઉપર મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટના લક્ષણો જેવા કે તેમાં પુર, હોનારત, દુષ્કાળ, અતિવૃષ્ટિ જેવાં લક્ષણો રહેલા છે. પરંતુ તેમાથી કઈ રીતે બચી શકાય તે અને તેની કઈ રીતે મદદ કરી શકાય તે ડિઝાસ્ટર મેનેજમેન્ટનાં લક્ષણો દ્વારા વર્તવામાં આવેલ છે.

## ફેશન સાયકલ

- **પ્રસ્તાવના**

ફેશન એટલે મોટાભાગના લોકલએ અપનાવેલ પહેરવેશની રીત. પરંતુ સમાજના ભિન્ન ભિન્ન વર્ગ તેનું અર્થઘટન પોતાની વિચારસરણી અનુસાર કરે છે. કેટલાંક વર્ગ સારી રીતે 'તૈયાર થયા હોય' (ડ્રેસ અપ) તો કેટલાંક વર્ગ સ્માર્ટલી ડ્રેસ અપ થયા હોય તેને ફેશન કહે છે.ફેશન એક ફોર્સ છે. અને આ ફોર્સ પાવરફુલ ફોર્સ તરીકે પણ ઓળખાવી શકાય, કારણ કે ફેશનની પેટનમાં નીતનવા ફેરફાર થયા જ કરે છે. ફેશનને એક વિજ્ઞાન તરીકે પણ ગણવામાં આવે છે. જેમાં પાયાના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. અને તેના વિશે ભવિષ્યકથન પણ કરી શકાય છે.

કોઈપણ પ્રકારની ફેશન સામાન્ય રીતે જે કોઈ પણ સમયે કોઈ પણ એક મોટા જૂથના લોકો અપનાવે, જોકે ક્યારેક આ જૂથનાનું પણ હોઈ શકે છે. તેને સામાન્ય રીતે લોકો ફેશન કહે છે. વળી આ ફેશન એકજૂથમાં આકર્ષક હોય જ્યારે બીજા જૂથમાં એ નાપસંદ પણ હોઈ શકે છે.આમ કેટલીક ફેશન ટૂંકી આવરદાવાળા અથવા કેટલાંક વર્ગ પૂરતી જ સિમિત જોવા મળે છે.

ફેશન અનંત છે. પરિવર્તનશીલ છે. કેટલીક ફેશનમાં ઝડપી પરિવર્તન જોવા મળે છે. જ્યારે કેટલીક ફેશન ધીરે ધીરે લુપ્ત થાય છે. ફેશનના પરિવર્તન માટે તથા તેની પરિવર્તનની ગતિની વધઘટમાં કેટલાંક પરિબળો જવાબદાર હોય છે. સ્ત્રીઓનાં કપડાની ફેશનમાં ઝડપી બદલાવ જોવા મળે છે. જ્યારે પુરુષોમાં ફેશન પરિવર્તનની પ્રક્રિયા ક્રમશઃ અથવા ધીમી હોય છે. ફેશન પરિવર્તન માટે વિજ્ઞાન ટેકનોલોજી, શોધખોળ લોકોમાં આવેલી જાગૃતિ, લોકસંપર્કની વધેલી સ્થિતિ, ટેક્ષટાઈલ ટ્રેડની શોધખોળ, તાંતણામાં નવિનતા વગેરે પરિબળો કામ કરે છે.

વર્તમાન સમયમાં ફેશન પરિવર્તન થવાની ગતિમાં જે વધારો થયો છે તેમાં આધુનિક પ્રસારણ માધ્યમો તથા લોકસંપર્ક મહત્વનો ભાગ ભજવ્યો છે. દુનિયામાં કોઈપણ ખૂણામાં બનેલ બનાવનું પ્રતિબિંબ ગણતરીની ક્ષણોમાં લોકો સુધી પહોંચી શક્યું છે. જેમાં દુનિયાના ખૂણે ખૂણાની લોકોની વેશપરિધાન અંગે માહિતી મળી શકે છે. વર્તમાન ફેશનનાં પરિવર્તનમાં સમાચારપત્ર, મેગેઝીન્સ, ટી.વી., પેમ્પેલેટ્સ, જાહેરાત વગેરે પરિબળો એ પણ યથોચિત્ત યોગદાન આપેલ છે.

- **ફેશનનો ઈતિહાસ**

ફેશનનો ઈતિહાસ પણ એક રસપ્રદ વિષય છે. ફેશનની દુનિયામાં કશું જ નવું નથી છતાય કંઈ નવિનતાવાળી ફેશનનાં કપડા બજારમાં મળતા થાય તેવું હંમેશા આમ જનતા ઈચ્છતી હોય છે. બજારમાં આવેલ દરેક ફેશનની નવિનતામાં ક્યાંકને ક્યાંક ઈતિહાસનો અંશ જોવા જ મળે છે. વર્ષોથી પરિવર્તીત થતી ફેશનનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરવામાં આવે તો તરત જ દષ્ટિગોચર થાય છે કે, ફેશન માં પરિવર્તન જરૂર છે. વર્તમાન સમયની માંગ અનુસાર ફેરફાર કરીને પહેરવેશ અપનાવવામાં આવે છે. પણ તેમાં ફેશનનો ઈતિહાસ હરહંમેશ કોઈને કોઈ સ્વરૂપે ચળેલ હોય છે. દા.ત. ફેશનની લંબાઈ તથા પહોળાઈમાં કરવામાં આવતું પરિવર્તન.

ફેશન ડીઝાઈનમાં પાયાના ચાર મુદ્દાઓ સમજવા જરૂરી છે. (૧) શીલ્યુટ(siluatte) (૨) પોત (matirial) (૩) રંગ (colour) (૪) ડ્રેસની ડી – ટેઈલ

પરિવર્તનશીલ ફેશનમાં જે તે સમયનાં પ્રસંગોનું પ્રતિબિંબ સામાજિક મૂલ્ય (સ્થાન) વગેરે બાબતો પણ ભજવે છે. પાશ્ચયાત્ય સમાજનાં ફેશનની અસર એ આપણા સમાજની રહેણી – કરણી તથા વિચારમાં આવેલ પરિવર્તનને કારણે આભારી છે. પુરાનાકાળમાં આવતા દેશમાં તથા દુનિયામાં અન્ય દેશમાં જાતિભેદ ખૂબ જ ઊંડો હતો. જો કે આ જાતિભેદના ખ્યાલો આજે પણ અસ્તિત્વ ધરાવે છે. અને તેની અસર અચૂક પણે જે તે સમયના લોકોની કપડા પહેરવાની રીત પર પણ હોય છે. લોકો કેટલીક ફેશનનો ઉપયોગ ઉચ્ચ સામાજિક દરજ્જો અથવા આર્થિક રીતે સદ્ધર હોવાનું બતાવવા માટે કરે છે. દા.ત. ટાઈ બાંધવી, બેલ્ટ બાંધવો, બૂટમોજા પહેરવા વગેરે.

જો કે સદીના અંતભાગમાં જાતિભેદ ખૂબ જ નહિવત રહ્યો છે. અને ફેશન એ ઉચ્ચ તથા નિમ્નવર્ગ માટે લગભગ સામાન્ય બની ગઈ છે. કોઈપણ સામાજિક જૂથ કોઈપણ ફેશન અપનાવી શકે છે. ટૂંકમાં ફેશન એ સર્વ જૂથ માટે એક સમાન સ્વીકાર્ય બની ગઈ છે.

કપડાં પહેરવાની રીત તેમજ રિવાજ સંસ્કૃતિને લાંબા સમય સુધી ટકાવી રાખવામાં કારણભૂત બને છે. વંશપરંપરાગત ચાલી આવતા સમાજમાં થોડા થોડા ફેરફારથી આવી સંસ્કૃતિનું વાતાવરણ બદલાય છે. જેથી દરેક સમયે, ઈતિહાસમાં તે સમયનાં કપડાની ફેશનની અસર મૂકતો જાય છે. અને એટલાં માટે જ જે તે સમયના ઈતિહાસમાં અભ્યાસ ઉપરથી તે સમયના દહાડામાં વપરાયેલ ફેશનનો અંદાજ લગાવી શકાય છે. જે તે સમયના કેટલાંક પરિબળો એવા હોય છે જે લોકપ્રિય અને ઝડપી બતાવવા માટે મહત્વનું કામ કરે છે. જ્યારે કેટલીક વખત આ પરિબળો અવરોધરૂપ પણ બને છે.

ફેશનને અસર કરતાં પરિબળોમાં સામાન્ય રીતે સામાજિક વ્યવસ્થા, લોકસંપર્ક, કુદરતી આપતિ, સ્ત્રીનો દરજ્જો, ઔદ્યોગિક ક્રાંતિ, આર્થિક વ્યવસ્થા, ખરીદ શક્તિ, જાહેરાત, અવરજવરનો અવકાશ, પેટર્નને દૂર કરવી, નવીનતા, જૂદાપણું વગેરે છે.

♦ **સંસ્કૃતિ અને ફેશન**

સંસ્કૃતિ એટલે વંશપરંપરાગત, રૂઢિચુસ્તતા, રીતિ રિવાજ, નીતિરીતિ નિયમો, મૂલ્યો, ધોરણો વગેરેનો સમન્વય – જેની અસર જે તે સમયના આમ આદમી ઉપર જોવા મળે છે. અને આ રીતે જે તે સમયની સંસ્કૃતિ એક પેઢી પરથી બીજી પેઢી પર એક યા જૂદા સ્વરૂપે જોવા મળે છે.

કોઈપણ સંસ્કૃતિનો મુખ્ય થીમ (આદર્શ) જૂથના દરેક સભ્યોના મૂલ્યોમાં જોવા મળે છે. અને કોઈપણ વ્યક્તિનું સામાજિકરણ સમાજ મૂલ્યો ધરાવનાર વ્યક્તિઓમાં થાય છે. અને આવી ઘણી બધી વ્યક્તિઓ મળીને સાંસ્કૃતિક જૂથ બને છે. અને આ મૂલ્યોમાં પરિવર્તન થવા માટે ઘણાં બધા પરિબળોનો હિસ્સો હોય છે.પરંતુ કેટલાંય દેશને લગતા મૂલ્યોમાં કેટલીક પેઢી પસાર થઈ ગઈ હોવા છતા ફેરફાર થતા નથી.

લોકોનાં જૂથમાં નક્કી થયેલી સંસ્કૃતિમાં ઘણા બધા રીતિરિવાજ (મુદ્દાઓ) નો સમાવેશ થાય છે. જેમાં પહેરવેશ એ મહત્વનું અંગ છે. અને એટલે જ કહેવત પડી છે કે " જેવો દેશ (સંસ્કૃતિ) એવો વેશ" પહેરવેશ એ લોકમાનસ વિશેનું પ્રતિબિંબ પાડે છે. જેમ કે ટેવ, વિચાર, સામાજિક દરજ્જો, રહેણી – કરણી, ટૂંકમાં સંસ્કૃતિ અને કપડાં બંને પારસ્પરિક સંબંધ છે. લોકોની જીવન જીવવાની રીતિ અંગે પહેરવેશ ઉપરથી અંદાજ મેળવી શકાય છે. આમ કોઈ પણ જગ્યાની બદલાયેલી સંસ્કૃતિ વિશે જાણવું હોય તો તે જગ્યાની કપડાની ફેશનમાં શું પરિવર્તન રહ્યું તે જાણવું જરૂરી બને. કપડા અને સંસ્કૃતિ સાથે સાથે ચાલે છે. (પહેરવેશ) સંસ્કૃતિમાં કોઈપણ ફેરફાર એ વાતનો નિર્દેશ કરે છે કે કપડાની ફેશનમાં જરૂર પરિવર્તન હોય કપડાની મુખ્ય પેટર્ન અને કપડા તરફનું લોકસમાસનું વલણ એ સંસ્કૃતિના એક ભાગરૂપે હોય છે. તેમજ કોઈપણ સમાજનું ઔદ્યોગિક, આર્થિક કલા નૈતિક્તા વિષેની પૂર્વભૂમિકા તે સમયનાં કપડાની રીતભાત પરથી જાણી શકાય છે.

પહેરવેશ અંગેના ખ્યાલો સંસ્કૃતિ સંસ્કૃતિએ અલગ અલગ હોય છે. એવું અનુમાન ઇતિહાસના અભ્યાસ ઉપરથી કરવામાં આવ્યું છે. કે કેટલીક વખત એવુ પણ બન્યું હોય છે કે એક જ સંસ્કૃતિમાં કેટલાય ફેરફાર જોવા મળ્યા હોય એક જ સંસ્કૃતિમાં બધુ જ એક સરખું હોય તેવું પણ હોતું નથી. સમયે સમયે વંશપરંપરાગત, રીતિરિવાજો કોઈકને કંઈ ફેરફાર લાવેજ છે. અને એમાં પહેરવેશનો ખાસ સમાવેશ થાય છે.

જયારે કોઈપણ સંસ્કૃતિમાં રાજકીય – બંધારણીય ફેરફાર લાદવામાં આવે છે. ત્યારે તે સંસ્કૃતિમાં ખૂબ જ ઝડપી ફેરફાર થાય છે. દા.ત.

(૧) ફ્રેંચ ક્રાંતિને કારણે પશ્ચિમનાં દેશોની કપડાં પહેરવાની રીતમાં ફેરફાર થયા હતાં.

(૨) સામાજીક વર્ગભેદને કારણે ૧૭ થી ૨૦ મી સદીમાં કપડામાં નિયમ પ્રમાણે ખાસ જે સિમ્બોલ હોય તેજ પ્રમાણે પહેરતા.

આમ સમયાંતરે સંસ્કૃતિનાં એક ભાગ તરીકે પહેરવેશમાં પરિવર્તન જોવા મળે છે. પણ કેટલીક વખત તે તરફ ધ્યાન કેન્દ્રિત થતું નથી. પરંતુ કોઈપણ ક્રાંતિ પછીના ફેરફારો એકદમ ધ્યાનમાં આવતા હોય છે. જયારે ઉત્ક્રાંતિ દ્વારા આવેલ ફેરફાર એકદમ ધીમાં હોય છે. ટેક્નીકલ, રાજકીય, આર્થિક અને સામાજિક ફેરફારોની અસર લોકોના કપડાં ઉપર જોઈ શકાય છે. વ્યક્તિએ કપડાંની જરૂરિયાત અંગે શોખ સંતોષવા માટે અવનવા રસ્તાઓ શોધ્યા છે. વિશ્વના ખૂણામાં જુદા– જુદા સમયે ઘણી બધી મોર્ડન ટેક્નોલોજી છે. તેમાથી દરેક પહેરવેશ તે સમયની સંસ્કૃતિનો ઘણાબધા પાસાઓનો તેમાં ખાસ પ્રકારનો સુમેળ જોવા મળે છે. દા.ત. કપડા, ડીઝાઈન, રંગ, ભરતકામ, કલા, પેટર્ન વગેરે.

ટેનીકલ રીતે જોઈએ તો કપડા બનાવવા માટે જે રીતે વાપરી હોય તેમાં ઉપરથી તે સમયે કેવી જાતનું કાપડ તૈયાર થયું અને વિજ્ઞાન તથા ટેક્નોલોજીનો કેટલો વિકાસ થયો હતો તે સમયના કલાકારીગરીનું કૌશલ્ય વગેરેનો ખ્યાલ આપે છે કે કોઈ પણ સંસ્કૃતિ વિષે અભ્યાસ કરતા જાણવા મળે છે કે ડીઝાઈન આકાર અને કપડા

વચ્ચે એક ચોક્કસ પ્રકારનો સંબંધ જણાવાયેલ હોય છે. જેમાં તે સંસ્કૃતિ તે સમયના લોકો અને તેમની કપડા પહેરવાની અનોખી રીત વગેરે જોવા મળે છે.

દા.ત. ઝીક ડ્રેસ ઉપર આર્ટિકલચર ડીઝાઈનની અસર વધું જોવા મળે છે. વર્તમાન સમયમાં વ્યવસાયને ધ્યાનમાં રાખીને કપડા બનાવાય છે. કૃત્રિમ તાંતણાનો વિશેષ ઉપયોગ, ફિનીશીંગ વગેરે જોવા મળે છે.

♦ **ફેશન સાયકલ**

કોઈપણ સમયમાં ખૂબ જ પ્રખ્યાત થયેલી અથવા તો લોકોએ અપનાવેલી કપડા પહેરવાની રીતને ફેશન ગણવામાં આવે છે. પરંતુ આ રીત કાયમી એકસરખી રહેતી નથી. ફેશનની શરૂઆત માં ખૂબ જ ઓછા લોકો આ ફેશનશૈલીને અપનાવે છે. ધીમે ધીમે છેલ્લે એક સમય આ ફેશનશૈલી અથવા કપડાની પેટર્નની માંગ વધે છે. અને લોકપ્રિય બને છે. છેલ્લે એક સમય એવો આવે છે કે સમાજમાં મોટાભાગના લોકો આ ફેશનશૈલીને સ્વીકારે છે. ફરીથી સાયકલ ફરે છે. અને આ ફેશનશૈલીની માંગમા ઉતરોંતર ઘટાડો થાય છે. અને નવીન પ્રકારની ફેશનની શરૂઆત થાય છે. આ રીતે ફેશનશૈલીમાં સમયાંતરે માંગમાં વધઘટ થાય છે. અને આ ફેશનમાં ફેરફાર થઈ ફેશન સાયકલ ચાલે છે. કેટલાક વર્ષો પછી પાછી જૂની ફેશન કેટલીક આગવી વિશિષ્ટતામાં થોડોક ફેરફાર કરીને ફરીથી ફેશનશૈલી તરીકે આવે છે. અને લોકો તેને અપનાવે છે. આમ ફેશન સાયકલ ચાલ્યા કરે છે. ફેશનશૈલીના ચક્કરમાં મોટાભાગે લંબાઈના અંગે પહોળાઈમાં ફેરફાર વધારો જોવા મળે છે. અને એટલે જ કહેવાય છે. Fashion is round.

**(૧) ફેશનની શરૂઆત :**

ફેશન સાઈકલના તબક્કાઓ : (૧) જયારે ગારમેન્ટ ડીઝાઈનર કપડાની નવી જ ડીઝાઈન બજારમાં મૂકે છે ત્યારે ફેશનની શરૂઆત થાય છે. કપડાની ડિઝઈન વિશે વધારે માહિતી હોતી નથી, માર્ગદર્શન હોતું નથી. સમાજમાં તેની લોકપ્રિયતા થશે કે કેમ ? એ પણ એક પ્રશ્ન જ હોય છે. ટૂંકમાં શરૂઆતમાં બધી જ ફેશનશૈલી જયારે માર્કેટમાં આવે છે ત્યારે તેની કિંમત ખૂબ જ ઊંચી હોય છે. અને ખૂબ ઓછા પાસે તેની ખરીદશક્તિ હોય છે. સામાન્ય રીતે નવી ફેશનશૈલીની ખરીદીની શરૂઆત ફેશન લીડર્સથી થાય છે.

**(૨) ફેશનનો ક્રમશઃ સ્વીકાર :**

ફેશન થોડો સમય પછી માર્કેટમાં દેખાવા માંડે છે. લોકોનું તે તરફ ધ્યાન ખેંચાય છે. અને ફેશનશૈલી તથા કપડાની પેટર્નને જો સમાજમાં અપનાવી શક્ય તેવી હોય તો મોટે ભાગે લોકો તેને અપનાવવા માટે તૈયાર થાય છે. તેમાં ખાસ અવરોધ આવતો નથી પણ જો સામાન્ય અથવા નકારાત્મક ફેશનશૈલી હોય તો તેનો સ્વીકાર થઈ શકતો નથી. સમાજના લોકો સમાજની ચિંતા વધારે કરે છે. લોકચર્ચાથી ડરે છે. આમ તાત્કાલિક ફેશન અપનાવવા આમ જનતા તૈયાર થતી નથી. પણ ધીમે ધીમે તેમાં પ્રગતિ થતી જોવા મળે છે. અને સમાજનો મોટો વર્ગ તે ફેશન શૈલી અપનાવવા તૈયાર થાય છે. પણ સમાજ સંસ્કૃતિના નીતિનિયમોની વિરુદ્ધ કોઈ ફેશન અપનાવવાની તૈયારી દાખવતુ નથી. અને ફેશનનો બીજો તબક્કો આવે અને પૂરો થાય ત્યારે ધીરે ધીરે બધાજ લોકોમાં ફેશન પ્રખ્યાત થઈ ગઈ હોય છે.

**(૩) ફેશનની સંતૃપ્ત અવસ્થા (સમાજમાં મોટા ભાગના લોકો દ્વારા ફેશનનો સ્વીકાર) :**

ફેશનના આ તબક્કામાં મોટાભાગના લોકોએ ફેશનને અપનાવેલી હોય છે. એટલે તેની માંગ વધારે હોય છે. તે માંગને પહોંચી વળવા માટે તેનું ઉત્પાદન પણ વધારવું પડે છે. જયારે જથ્થાબંધ ઉત્પાદન થાય ત્યારે સ્વાભાવિક છે તેની કિંમત નીચી આવે એટલે આર્થિક રીતે નબળો વર્ગ પણ તે ફેશનને અપનાવી શકે છે. અને આ રીતે ફેશનની સંતૃપ્ત અવસ્થાનું આગમન થાય છે. ફેશનની કોઈપણ ડિઝાઈન આ સમયે ખૂબ જ પ્રખ્યાત થઈ જાય છે.

**(૪) ફેશનનું અસ્તિત્વ નાબૂદીનાં માર્ગે :**

ફેશન જવાની તૈયારીમાં હોય ત્યારે વધારે પડતી પ્રખ્યાત થયેલી હોય, આવી ફેશન સ્ટાઈલથી લોકો કંટાળી ગયા હોય છે. ત્યારે તેઓ કંઈક નવીન ઝંખે છે. જોકે લીધેલા કપડાં પહેરાનું ચાલું રાખશે. પણ આજ ફેશનનાં નવા કપડાં ખરીદશે નહી. આને ફેશનશૈલીનો અંત ગણવામાં આવે છે. કયારેક આમ જનતામાં ફેશનને લોકપ્રિય તથા વાર લાગે પણ તેનું પતન ઝડપી બને છે. દુકાનદારો તેવી ફેશનના કપડાની કિંમત ઘણી ઓછી કરે છે. અને પોતાની પાસે રહેલ કપડાનો ત્વરિત નિકાલ કરવાનો પ્રયત્ન કરે છે.

**(૫) ફેશન જવાની તયારીમાં :**

આ સમયે દુકાનદાર કોઈપણ યુક્તિ પ્રયુક્તિ અપનાવે પણ આ ફેશનનાં કપડા ખરીદવા કોઈ તૈયાર થશે નહિ ત્યારે ફેશન out of date તરીકે ગણવામાં આવે છે. લોકો આ ફેશનશૈલીથી કંટાળી ગયા હોય છે. નવી ફેશનને આવકારવા તૈયાર હોય છે. જોકે આ ફેશનશૈલીમાં થોડા ઘણા ફેરફાર સાથે ફરથી ફેશનશૈલીમાં આવે છે.

- **ફેશનમાં નવીન ફેરફાર**

ફેશન પરિવર્તનશીલ છે. તે ક્યારેક લાંબા સમય સુધી ટકતી નથી. ફેશન બદલતી રહે છે. તો આ ફેશન બદલાવ એટલે શું ? ફેશન કેવી રીતે બદલાય છે ?

ફેશન બદલાવ એટલે કે કોઈ એક ફેશન જ લોકપ્રિય થઈ હોય અને લાંબો સમય તે જ ફેશન રહેવાથી લોકો કંટાળતા કંઈક નવીન શોધની ઝંખનામાંથી ફેશનનો બદલાવ થાય છે. જો કે આ કામ ખૂબ જ કઠિન છે. ફેશન બદલાવ માટે જવાબદાર કોણ એ કોઈ કહી શક્યું નથી. કેટલાંક એવું કહે છે કે, ડિઝાઈનર જે નવી ડીઝાઈનો બનાવે છે પરંતુ ફેશન ડીઝાઈન તેના શો રૂમમાં નવી નવી ફીઝાઈન તૈયાર કરીને મૂકતા હોય છે. છતા ફેશન ડીઝાઈનર દ્વારા બતાવાયેલ બધી જ ડીઝાઈન ફેશન તરીકે સ્થાન લેતી નથી જો કે દરેક ડીઝાઈનમાં કંઈક ને કંઈક આગવી ખૂબીઓ જોવા મળે છે.ડીઝાઈનર માટે અમૂક મર્યાદાઓ હોય છે. અને જે તે સમાજનાં નીતિ જિયમો, સંસ્કૃતિ વગેરે ધ્યાનમાં લેવા પડતાં હોય છે. નવી ડીઝાઈન મૂકતાં પહેલા એ પણ ચિંતા હોય છે કે માર્કેટમાં અત્યારે કઈ સ્ટાઈલ લોકપ્રિય હતી અને તેમાં ક્યારે સંતૃષ્ટિ આવી. તેમાં શું ફેરફાર કરવો. આ બધી જ માહિતી, સામાન્ય માર્કેટ વિષેની માહિતી સંપૂર્ણપણે હોવી જરૂરી છે. જેથી પોતાની ડિઝાઈન લોકપ્રિય બનાવી શકે છે.

ઉપર જણાવેલ આકૃતિમાં પંજાબી કૂર્તાની લંબાઈમાં દર દશ વર્ષે આવેલ ફેરફાર આકૃતિ દ્વારા દર્શાવેલ છે. શરૂઆતની વર્ષોમાં ડ્રેસની લંબાઈ વધારે હતી પછીથી ધીમે ધીમે ઘટતી ગઈ (ઢીંચણ સુધી) આમ સમયાંતરે લંબાઈમાં ઘટાડો જોવા મળે છે.

બજારમાં નવી ફેશનશૈલીમાં આગમન માટે અથવા તો ફેશનમાં બદલાવ માટે ડીઝાઈનર અગત્યનો ભાગ ભજવે છે. જો કે ફેશનશૈલી લોકપ્રિય બનશે જ એવા કોઈ મતની તાકાત ડીઝાઈનરમાં હોતી નથી. પરંતુ ડીઝાઈનર એવી ફેશન શૈલી તૈયાર કરીને માર્કેટમાં મૂકે કે તેથી લોકો તેના તરફ આકર્ષાય અને અપનાવવા માટે તૈયાર થાય. પણ નકારાત્મક કે હકારાત્મક પરિણામ તો લોકો જ આપી શકે. હકારાત્મક પ્રતિભાવ હોય તો ફેશનશૈલી લોકપ્રિય બની જાય છે.

**કૌટુંબિક જીવન ચક્ર (Family life cycle) :**

માનવ સ્વભાવથી જ સામાજિક પ્રાણી હોવાને લીધે તેનું પુરું જીવન જ કુટુંબમાં પસાર થાય છે. શરૂઆતમાં બાળકોના ઉછેર, શિક્ષણ, સંભાળની જવાબદારી તેના માતા – પિતા અને તેના કુટુંબના સભ્યોની રહે છે. જયાં સુધી શારીરિક, માનસિક, આર્થિક દષ્ટિ થી જવાબદાર આત્મનિર્ભર બની જાય તે પછી જ તે પોતે જ પોતાના કુટુંબનું નિર્માણ વિવાહની કડી થી જોડાઈ ને કરે છે. તે પોતે જ સંતાનોત્પતિ, બાળકોનો ઉછેર જવાબદારીથી મૂક્તિ મળે છે. અને વૃધ્ધાવસ્થાનો સમય કુટુંબમાં, જ પસાર કરે છે. આમ જન્મથી મૃત્યું સુધી તે પોતાનું જીવન કુટુંબમાં જ પસાર કરે છે. તેના જીવનના પ્રત્યેક સ્તર પર કુટુંબની ભૂમિકા મહત્વપૂર્ણ રહે છે.

બધા મનુષ્યોની જરૂરિયાતો સમાન હોય છે. જેને કુટુંબ જ પૂર્ણ કરે છે. કુટુંબનું જીવનચક્ર ગતિશીલ શોવાની સાથે – સાથે તેના સ્વરૂપમાં પણ કુટુંબનાં સભ્યો ની ઉંમર પ્રમાણે ફેરફારો થતા રહે છે. કુટુંબના વિકાસના પાયામાં કુટુંબનું જીવનચક્ર ત્રણ મુખ્ય બાબતોમાં વિભાજીત થયેલું હોય છે. – જેમકે......

૧. કુટુંબનું નિર્માણ

૨. સંતાનોત્પતિ – ઉછેર અને શિક્ષણ

૩. નવરાશનો સમય

ગૃહવ્યવસ્થાપન કરતી વખતે કુટુંબના સભ્યોના જીવનચક્રના જુદા – જુદા સોપાનોને ધ્યાનમાં રાખવા જરૂરી છે. કારણ કે જીવનના વિવિધ અવસ્થાઓની જરૂરિયાતો જુદી – જુદી હોય છે. કુટુંબમાં બાળકો, યુવાનો, વૃધ્ધો હોય છે. ગૃહવ્યવસ્થા ગોઠવતી વખતે ગૃહિણીએ ઉંમરના લોકોની જરૂરિયાત ને ધ્યાનમાં રાખીને ગોઠવવી પડે છે. જે વિસ્તારથી નીચે પ્રમાણે છે.

– **જીવનચક્ર :**

**૧. કુટુંબનું નિર્માણ :**

કુટુંબનું નિર્માણ સ્ત્રી – પુરુષના પ્રણયબંધન થી અને વૈજ્ઞાનિક – સામાજિક સ્વીકૃતિ દ્વારા થયેલા લગ્ન દ્વારા થાય છે. પહેલાના વખતમાં નાની ઉંમરે લગ્ન થતા પતિ – પત્નિ બંને કુટુંબ ઉપર આધારિત રહેતા હતા. તેમને કઈ વસ્તુની છે તે બધાની વ્યવસ્થા તેના માતા – પિતા કરતા અથવા તેના ભાગ્ય પર છોડીને તે વસ્તુ વગર ચલાવી લેવામાં આવતું તેનું ખરાબ પરિણામ તે આવતું કે ગરીબ અને નિમ્ન વર્ગમાં કુટુંબમાં તેના સભ્યો સુખનો અનુભવ જ કરી શકતા નહી. જે કુટુંબને વારસામાં પિતા તરફથી સંપતિ મળી જતી તે આંનદથી જીવન પસાર

કરતા. વર્તમાન સમયમાં સ્થિતિ અલગ છે. આજકાલ લગ્ન પહેલા જ પતિ – પત્ની આર્થિક દષ્ટિથી સધ્ધર અને આત્મ નિર્ભર બનવા પ્રયત્નો કરે છે. લગ્ન મોટી વયે પણ કરવામાં આવે છે.

કુટુંબની ભવિષ્યની જવાબદારીઓ નિભાવવા માટે પૂર્વ તૈયારી કરે છે. કેવી દૈનિક વસ્તુઓની જરૂર પડશે તે પહેલાથી ખરીદી લે છે. – આર્થિક સુરક્ષા ના હેતુથી ઉદ્યોગ ધંધા સ્વીકાર લે છે. કારણ કે પૈસા વગર કુટુંબના સભ્યો ની જુદી – જુદી જરૂરિયાતોની જેમ કે ભોજન, વસ્ત્રો, મકાન, શિક્ષણ, મનોરંજન સબંધી જરૂરિયાતોની પૂર્તિ કરવી. અસંભવ બની જાય છે. તેથી છોકરીના માતા – પિતા જે વ્યવસાયમાં સેટ થયેલ છોકરો હોય તેને જ લગ્ન માટે પસંદ કરે છે. આમ સ્ત્રી – પુરુષ લગ્ન સંસ્કાર દ્વારા કુટુંબનું નિર્માણ કરે છે. અને એક બીજાથી જધું નિકટ આવે છે. અને એક – બીજાનો આજીવન આધાર બને છે. આમ, કુટુંબ જીવનની સફળતા નવદંપતિના પારસ્પરિક સ્વસ્થ સમાયોજન પર આધાર રાખે છે.

પાશ્ચાત્ય દેશોમાં તો પ્રણય બંધનમાં બંધાતા પહેલા યુવાન સ્ત્રી – પુરુષ એકબીજાના જીવન સંબધી દષ્ટિકોણ મૂલ્યો, માન્યતાઓ, વિચારો સમજવા પ્રયત્ન કરે છે. પછી જ પતિ – પત્નીના રૂપમાં અપનાવે છે. પતિ – પત્ની વચ્ચે જેટલા સારા મધુર સંબંધો સ્થાપિત થઈ શકે તેટલું કુટુંબ વધું સુખી અને સુસમાયોજિત થશે.

ભારતમાં પહેલા જોયા – જાણ્યા વિના માતા – પિતાના નિર્ણયથી લગ્ન સંબંધથી જોડાતા માતા – પિતા બંન્ને કુટુંબોના સામાજિક સ્તર જીવન દર્શન, મૂલ્યો અને સંસ્કારો ને નજર સમક્ષ રાખીને સંબંધો બાંધતા સમાન સ્તર વાળા કુંટુંબોના સંબંધોથી સમાયોજનમાં સરળતા રહેતી. હિંદુઓમાં તો ગ્રહ, નક્ષત્ર, રાશિ તથા સંસ્કારોમાં સમાનતા હોય તેવા સંબંધો વધું માન્ય છે. જાતે જીવનસાથી પસંદ કરવાની છુટ આપવામાં આવતી નથી. પરંતું અમુક આધુનિક વિચાર સરણી વાળા કુટુંબોમાં પુત્ર – પુત્રીની ઈચ્છાના આધારે લગ્ન સંબંધો બાંધવા ની છુટ આપવામાં આવે છે.

આપણા દેશમાં સંયક્ત કુટુંબ વ્યવસ્થા પ્રચલિત છે. જેનાથી નવદંપતિને સમાયોજનમાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને સ્ત્રીને વધુને વધુ મુશ્કેલી પડે છે. તેણે બધાની માન – મર્યાદા જાળવવી. જેથી પોતાના વિચારોમાં પરિવર્તન લાવી નવાં કુટુંબમાં સમાયોજન સાધવું પડે છે. ઘણીવાર ઝઘડા પણ થાય છે. આવા સંજોગોમાં પૂત્રના માતા – પિતા, પૂત્ર એ સમજદારીથી કાર્ય કરવું પડે છે. નવદંપતિને સમાયોજન સાધવા માટે કુટુંબે સક્રિય સહયોગ આપવો જોઈએ.

**૨. સંતાનોત્પતિ – તેનું ભરણ પોષણ અને શિક્ષણ :**

આ કુટુંબની બીજી અવસ્થા છે. આ કુટુંબની વૃદ્ધિની અવસ્થા કહેવાય છે. મહત્વપૂર્ણ અવસ્થા છે. જેથી પતિ – પત્નીએ જવાબદારી વધું સારી રીતે નિભાવવી પડે છે. પતિ – પત્ની ઉપરાંત માતા – પિતાની ભૂમિકા ભજવવાની રહે છે. પોતાના દષ્ટિકોણ, રુચિઓ, માન્યતાઓ, વ્યવહાર, સામાજિક સંબંધો વગેરે અનેક બાબતોમાં નવી જરૂરિયાતો અને અનુકુળ પરિવર્તનો લાવવા પડે છે.

ઘરમાં બાળકના જન્મથી કુટુંબનો સંસાર શરૂ થાય છે. સંતાનોત્પતિ નું ધાર્મિક મહત્વ છે. હિન્દુ ધર્મગ્રંથો પ્રમાણે પિતૃઋણ થી મુક્ત થવા માટે પ્રત્યેક દંપતિ માટે સંતાનોત્પતિ તે અગત્ય ની જવાબદારી છે. તેમાં સફળતા માટે સીમીત બાળકોની સંખ્યા હોવી જોઈએ.

પ્રથમ બાળકના જન્મથી કુટુંબના કાર્યમાં વૃદ્ધિ થાય છે. દંપતિ નો જીવન ક્રમ બદલાય જાય છે. માતા – પિતા બાળકો વચ્ચેનો રક્તસંબંધ સંવેગાત્મક સંબંધો સ્થાપિત થાય છે. તેનાથી આજીવન બંધાયેલા રહે છે.

શિશું અવસ્થામાં માતા – પિતાની જવાબદારી વધે છે. ખાસ કરીને માતાની જવાબદારી વધે છે. પાલન – પોષણ યોગ્ય રીતે થાય તે માટે વિવિધ જાણકારી હોવી જરૂરી છે. શિશુને કેવો આહાર, બાળરોગો, સારવાર, મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોની પૂર્તિ, બાળકોમાં સારી ટેવો, મૂલ્યો, સંસ્કારોનું ઘડતર, શિશું – સુરક્ષા તથા સુ – મધુર સંબંધો તથા સુ – મધુર સંબંધો સ્થાપિત કરવા જોઈએ.

બાલ્યાવસ્થામાં રમત – ગમત, આડોશ પાડોશ મિત્રોથી પરિચિત થાય છે. કોઈની ખરાબ સંગતની અસર ન થાય તેની કાળજી રાખવી. શિક્ષણ, ભોજન, સ્વાસ્થ્ય, રહેઠાણ ની જરૂરિયાત, જરૂરિયાત, મનોરંજન, ફ્રી સમયનો ઉપયોગ, સદઉપયોગ વગેરે શીખવવાથી તેનો વ્યક્તિગત સર્વાંગી વિકાસ થશે. બાળક સમાજની અન્ય વ્યક્તિઓ સાથે સામાજિક કુશળતાથી વર્તી શકશે.

ઘરમાં દરેક બાબતોમાં બાળકને મહત્વ આપવું. દરેક આયોજનમાં કાર્ય સોંપવુ. સમસ્યાઓના ઉકેલમાં ઈનવોલ્વ કરવું જેથી કુટુંબ સંચાલનમાં તે સહયોગ આપી શકે.

કિશોરાવસ્થા માનવીની અત્યંત મહત્વપૂર્ણ અવસ્થા છે. તેમાં વધુ માં વધુ શારીરિક સંવેગાત્મક, સામાજિક પરિવર્તન આવે છે. જેનાથી ઈચ્છાઓ, આકાંક્ષાઓ, રુચિઓ, માન્યતાઓમાં નવી દિશા મળે છે. આત્મવિશ્લેષણ કરે છે.રોમાંસુ માતાા બનવાની ઈચ્છા, જીવનસાથીની શોધ કરવા માંડે છે. જેના આદર્શ ઊંચા હોય છે. તે ઘણીવાર પૂર્ણ ન થતા આક્રમકતા પૂર્ણ વર્તન કરવા માંડે છે. આવા સંજોગોમાં માતા – પિતા ની ભૂમિકા મહત્વની બની રહે છે. ત્યારે હુંફ, માર્ગદર્શન આપવાની જરૂર રહે છે. શૈક્ષણિક, વ્યાવસાયિક વિકાસ થાય પછી કુટુંબની જરૂર રહેતી નથી.

### ૩. નિવૃતિ સમય : / નિવૃતિકાળ :

બાળકો બરાબર સ્થાયી થઈ જાય પછી માતા – પિતા બાળકોની જવાબદારીથી મૂક્ત બને છે. ફરીથી કુટુંબ નાનું બને છે. સંયુક્ત કુટુંબમાં બાળકો સાથે હોવાથી તેમના સંબંધો વધું ઊપર છલ્લા બને છે. પાછળનું જીવન સુખમય બનાવવા માટે પ્રયત્નો કરે છે. અને પ્રવૃતિમય જીવન માટે પણ પ્રયત્નો કરે છે. જીવનમાં નવીનતા, સરળતા, સુસમાયોજન સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે. વૃદ્ધાવસ્થામાં સ્વાસ્થ્યમાં માનસિક, શારીરિક અસ્વસ્થતા જોવા મળે છે. તેવા સંજોગોમાં કોઈ પણ રચનાત્મક ,સર્જનાત્મક કાર્યો કરીને જીવનમાં વ્યસ્તતા લાવી શકાય. આર્થિક ઊપાર્જન કરી શકાય અને સમયનો સદઉપયોગ કરી શકાય. જેનાથી આત્મસંતોષ મળે છે.

આ અવસ્થામાં શારીરિક માનસિક પરિવર્તન વાતાવરણ માં પરિવર્તે છે. માનવીય આંતર સબંધોમાં પરિવર્તન આવે છે. જેમાં સમાયોજન સાધવાનું રહે છે. જો સમાયોજન સાધી શકાય તો સ્વસ્થ સંબંધોનું નિર્માણ થાય છે. અને જીવન સુખમય રીતે વિતાવી શકાય છે. સંયુક્ત કુટુંબોમાં વૃદ્ધાવસ્થા કુટુંબ માટે ગંભીર બની જાય છે. કારણ કે વૃદ્ધોને પોતાની રીતે જીવવું હોય છે, યુવાનોને પ્રગતિ કરવી હોય વગેરેમાં પોતાની અલગ શૈલી હોય તેથી મતભેદ રહ્યા જ કરે. અને જીવનમાંથી જ્ઞાતિ હણાઈ જાય છે. સંબંધોમાં કડવાશ ઊભી થાય છે. અને સુખ – ચેન છીનવાઈ જાય છે.